
વર્ષ : ૩૯ ❖ અંક : ૭
જુલાઈ - ૨૦૧૫

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



સદ્‌ગુરુ મિલા તો સબ મિલા,
નહિતર મિલા ન કોઈ;
માત-તાત અરુ સ્નેહીજન,
સો તો ભવોભવ હોય.

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# ગુરુ

- અજ્ઞાન અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.
- અરિહંતની આજ્ઞાના પાલક અને પ્રચારક તે ગુરુ.
- મુક્તિમાર્ગની ઝળહળતી મશાલ તે ગુરુ.
- અધ્યાત્મના તેજપુંજનો પ્રકાશ પાથરનાર તે ગુરુ.
- પરમપદપંથના પ્રેરણાદાતા એટલે ગુરુ.
- જે ભાવાચાર્ય અને પ્રકૃષ્ટ પ્રજ્ઞાવંત છે તે ગુરુ.
- પતિતને પાવન કરે તે ગુરુ.
- જીવનમાં સંસ્કારનું સિંચન કરીને શુદ્ધતાનું સંવર્ધન કરે તે ગુરુ.
- જીવનપંથ પ્રકાશિત કરીને મંજિલ સુધી પહોંચાડે તે ગુરુ.
- ઉરમાં સદ્ભાવનું સ્પંદન ઉત્પન્ન કરે અને આત્માનું સંરક્ષણ કરે તે ગુરુ.
- ભવજ્વરથી પીડાતા જીવને રત્નત્રયીનું ઔષધ પ્રદાન કરી ભાવઆરોગ્ય આપે તે ગુરુ.
- જીવને સન્માર્ગ સમજાવી તત્ત્વદૃષ્ટિ આપે તે ગુરુ.
- શિષ્યના પરમ નિધાનને પ્રગટ કરે તે ગુરુ.
- શિષ્યને જે સહજ શીતળતા અને નિર્મળ ઉજ્જવળતા આપે તે ગુરુ.
- સંસારમાં ડૂબતા જીવોને બોધિનાવથી ઉગારે તે ગુરુ.
- સાધનામાર્ગનું સર્વોત્તમ તત્ત્વ તે ગુરુ.
- કરુણાની સરવાણી અને પ્રેમનો સાગર તે ગુરુ.
- આત્માને સંસારના ચક્રવાતમાંથી ઉગારી અજન્મા બનાવે તે ગુરુ.
- જીવોમાં ધર્મધબકાર ભરવાની ભાવના ધરાવે તે ગુરુ.
- અધ્યાત્મજગતના જવાહિર એટલે ગુરુ.
- પરિમિત છતાં પથ્યવાણીને પ્રકાશે તે ગુરુ.
- આધ્યાત્મિક અનુભૂતિના અમીરસનું પાન કરાવે તે ગુરુ.

જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરુ હેન્ડપંપ જેવા છે. જમીન ખોદીને પાણી કાઢવા બેસીએ તો ક્યારે પાર આવે ? જેમ હેન્ડપંપ દ્વારા સરળતાથી પાણી પ્રાપ્ત થઈ શકે છે, તેમ ગુરુની આજ્ઞાનું પાલન કરવાથી સરળતાથી જ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ००७

ફોન : (०७૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (०७૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) જ્ઞાનીપુરુષોના ગુણોનું સ્મરણ ................ ........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) સાચી મૈત્રીથી પુનર્જન્મ...ડૉ. કુમારપાળ દેસાઈ ... ૧૦

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .................. ...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) સદ્ગૃહસ્થની આચારસંહિતા ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૨

(૮) સમ્યક્ જ્ઞાન .............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૬

(૯) સુખશક્તિ ...............શ્રી વલભજી હીરજી .... ૨૯

(૧૦) સામાયિક વ્રત ....... શ્રી નિરૂપમાબેન ડગલી .... ૩૦

(૧૧) પ્યારું પર્વ ગુરુપૂર્ણિમા ...... શ્રી ભાનુબેન શાહ .... ૩૨

(૧૨) સદ્ગુરુશરણ ........... શ્રી પારૂલબેન ગાંધી .... ૩૫

(૧૩) જીવનઅર્ક - દિવાળી પુસ્તિકા .................... ૩૭

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ........................... ૪૦



**વર્ષ : ૩૯ જુલાઈ, ૨૦૧૫ અંક - ૭**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ००७ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (०७૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (०७૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, ''સંસારમાં સુખ શું છે કે જેના પ્રતિબંધમાં રહેવાની જીવ ઇચ્છા કરે છે ?''

આપનું આ અમૂલ્ય વચન સંસારના દરેક માનવીના અંતરવિચારને વ્યક્ત કરે છે. જ્યારે જ્યારે જીવનમાં દુઃખ, પ્રતિકૂળતા, અશાંતિ, હતાશા વગેરેનો અનુભવ થાય ત્યારે એવો વિચાર આવે જ છે કે, સંસારમાં સુખ જ નથી. વળી, થોડા સમય માટે વૈરાગ્ય પણ આવી જાય છે, પરંતુ મન ફરી પાછું સુખની ઝંખનામાં ફસાવા લાગે છે અને સુખ મળશે એવી આશામાં ને આશામાં તે જીવે છે. આપે કહ્યું છે કે 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે' એ તો જીવને યાદ આવતું જ નથી ! આપ તો આત્મિકસુખમાં મગ્ન બનીને દેહને ભૂલી ગયા હતા અને અમે સાંસારિક સુખની ઇચ્છામાં આત્મિકસુખને ભૂલી જઈએ છીએ. આપે તો ત્યાં સુધી કહ્યું છે કે, ''વિચારવાન પુરુષને કેવળ ક્લેશરૂપ ભાસે છે એવા આ સંસારને વિષે હવે આત્મભાવે કરી જન્મવાની નિશ્ચળ પ્રતિજ્ઞા છે.''


હે પ્રભુ ! અમારા મનમાં આવો વિચાર ક્યારે ઉગશે ? આપના જેવા પરમજ્ઞાનીનું શરણ પ્રાપ્ત થયા પછી, મૃગજળ જેવા સંસારના સુખને બદલે શાશ્વત સુખની જ પ્રાપ્તિમાં પુરુષાર્થ કરવો, એવો અમે હવે નિશ્ચય કરીએ છીએ. તેથી પોતે પોતાને જ બોધ (સ્વબોધ) આપીએ છીએ- હે જીવ !

''સાચું સુખ છે અંતરમાં, જે બાહ્યમાં મળશે નહીં,
સુખ શોધવા મથી રહ્યો તું, દુઃખ તો ટળશે નહીં;
દુનિયા આખી દુઃખ, દુઃખને દુઃખમાં ડૂબેલી છે,
એની પાસે સુખની આશા કરવી એ વાત ઘેલી છે.
શુદ્ધ, બુદ્ધ ને સ્વયંપ્રકાશિત, શાશ્વત નગરે વાસ છે,
ક્ષણભંગુર આ દેહનો તુજને શા કારણે વિશ્વાસ છે ?
ચેતી જા તું ચેતી જા જીવ ! જન્મ સફળ બનાવી લે,
અનંતભવનું સાટું હવે તું, એક જ ભવમાં વાળી લે.''

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



**પત્રાંક - ૨૦૦**

**મુંબઈ, માહ સુદ, ૧૯૪૭**

### વચનાવલી

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્સુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોક-લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. [1]જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.

૮. આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.

૯. ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરીક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો હતો.

૧૧. અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

૧૪. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

ઇતિ શિવમ્

---

**૧. પાઠાંતર**-જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી, આ અનાદિકાળનું ગુપ્ત તત્ત્વ સંતોના હૃદયમાં રહ્યું તે પાને ચઢાવ્યું છે.

# જ્ઞાનીપુરુષોના ગુણોનું સ્મરણ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ભારતીય સંસ્કૃતિમાં સદ્‌ગુરુનું માહાત્મ્ય કેટલું છે તે ભારતની ધર્મપ્રિય જનતાને જણાવવાની જરૂર નથી. બધા જ ધર્મના મહાપુરુષોએ સદ્‌ગુરુની આવશ્યકતા એક અવાજે સ્વીકારી છે. પોતે પણ તે ગુરુપદને સેવીને પોતાનું કલ્યાણ કર્યું છે અને તેવા આત્મનિષ્ઠ ગુરુની આજ્ઞાને સમજવાનો, શ્રદ્ધવાનો અને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરી તેવો જ બોધ આપ્યો છે.

જેવી રીતે બગીચાને માળીની જરૂર છે, જેવી રીતે ખેતરને રખેવાળની જરૂર છે, જેવી રીતે બાળકને મા-બાપની જરૂર છે તેવી જ બલ્કે તેથી અનેકગણી જરૂરત મુમુક્ષુને સદ્‌ગુરુની છે. ખરેખર વિચારીએ તો મુમુક્ષુતા ઉત્પન્ન થવામાં અર્થાત્ પરમાર્થ માર્ગ પ્રત્યે પ્રેમ પ્રગટ થવામાં પણ મનુષ્યને ઘણું ખરું કોઈ સત્પુરુષનો સમાગમ જ નિમિત્તભૂત બને છે. આમ, મુમુક્ષુતા ઉત્પન્ન થવામાં, તેનું સંરક્ષણ થવામાં અને તે વર્ધમાન થવામાં શ્રી ગુરુનો સમાગમ પરમ ઉપકારી છે. માનવભવમાં આત્માના વિકાસ માટે ભગવાને ચાર વસ્તુને ઉપકારી, ઉપયોગી અને સહકારી ગણી છે. તે છે - યોગ્ય દ્રવ્ય, યોગ્ય ક્ષેત્ર, યોગ્ય કાળ અને યોગ્ય ભાવ. અહીં કાળની મુખ્યતાથી આપણે વાત કરીશું પણ કાળ એકલો કાંઈ કરી શકતો નથી. તેમાં ભાવ જોડાય અને એવું પવિત્ર ક્ષેત્ર તેને અનુરૂપ હોય તેમાં મહત્પુણ્યના યોગે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ હોય અને તેમના દિવ્યવચનોરૂપી બાણ જો આપણા સૂતેલા આત્મદ્રવ્યને લાગે તો અનાદિકાળથી મોહનિદ્રામાં સૂતેલો એવો આપણો આત્મા જાગે. તે આત્માને જગાડવા માટે જીવે સૌ પ્રથમ સદ્‌ગુરુના સ્વરૂપને સમજવું જોઈએ. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ શિક્ષાપાઠ - ૧૦૧ સ્મૃતિમાં રાખવા યોગ્ય વાક્યોમાં બીજા મુદ્દામાં કહ્યું છે કે,

"જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે."

ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે આપણે પણ જો આપણા આત્માનો પૂર્ણિમાના ચંદ્રની જેમ વિકાસ કરવા ઇચ્છતા હોઈએ અને આપણે માત્ર બહારથી જ સદ્‌ગુરુને વંદન, પૂજન, ધનાદિનું અર્પણ કરીએ તે માત્ર શિષ્ટાચાર છે. આટલી ઉપલક ઉપલક ભક્તિ કરવાથી આપણું કલ્યાણ થશે નહિ. પણ તે જ્ઞાની ભગવંતોના ગુણાનુવાદ કરવા, તેમના ગુણોનું વારંવાર ભાવપૂર્વક સ્મરણ કરવું અને ગુણગ્રહણ અર્થે પુરુષાર્થ કરવો પડશે. આપણે આ ત્રણ પગથિયામાંથી જો એકને પણ ચૂકી જઈશું તો આપણું પતન થશે, આપણો સમ્યક્ વિકાસ થશે નહિ. આપણી સાધ્ય વસ્તુની સિદ્ધિ અર્થે આ ત્રણેય સોપાન આવશ્યક છે કે જેના સહારે આપણે આત્મવિકાસ કરી શકીશું.

### ગુણાનુવાદ સાથે ગુણગ્રાહકતા :

ગુણગ્રાહકતા તે પ્રથમ ભૂમિકા છે એવું સર્વ આર્યદર્શનકાર ભગવંતોએ કહેલું છે. મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા અને માધ્યસ્થભાવના - આ ચાર ભાવનાને મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં વિસ્તારથી કહી છે તથા ભગવાન મહાવીર અને તથાગત શ્રી બુદ્ધે પણ મૈત્રી, મુદિતા આદિ ભાવનાઓને અતિવિસ્તારથી કહી છે. જો આપણે આપણા

આત્માનું ઉત્કર્ષ ઇચ્છતા હોઈએ તો આપણે ગુણગ્રાહકતાની પ્રબળ ભાવના કરવી જોઈએ. બહુ દીપધૂપ કરીએ, તાળીઓ પાડીએ, જોર - જોરથી ભજન-ભક્તિ કરીએ તે સાથે જેમના ગુણગ્રામ કરીએ છીએ તેમના ગુણો મારે મારા જીવનમાં સ્વશક્તિ પ્રમાણ અને શક્તિ છુપાવ્યા વિના ગ્રહણ કરવા છે તેમ સંકલ્પ કરવો જોઈએ. તેમ કરવામાં બહાના કાઢવા જોઈએ નહિ કે સાહેબ શું કરું ? મારી તબિયત સારી નથી, ધંધામાં બરકત નથી, ઘણા કામ કરવાના બાકી છે ! પણ ભાઈ, તારા આ બધા બહાના ચાલશે નહીં. માટે ભગવાને કહ્યું છે કે સ્વશક્તિ પ્રમાણે કરવું. આચાર્ય ભગવાને પણ કહ્યું છે કે,

''अनिगूहितवीर्यस्य संयमस्य च धारणम्''

પોતાની શક્તિ જેટલી છે તેટલી પૂરેપૂરી વાપરીને, જરા પણ છુપાવ્યા વિના સાધના કરવી જોઈએ. શક્તિ ગોપવે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની વાત કરે તે બંને એક સાથે સંભવે નહિ. અધ્યાત્મયોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં કહે છે કે,

''કપટરહિત થઈ આતમ અરપણા,
આનંદઘન પદ રે.''

સરળચિત્ત બની સર્વ કૂડ-કપટથી રહિત થઈ આત્મસમર્પણ કરીએ તો કામ થાય. સમર્પણ તે બહુ અઘરું કામ છે. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે જીવ જ્યાં મોહગ્રંથિનો ભેદ થવાની નજીક આવે છે ત્યાં ગળિયા બળદ જેવો થઈને પાછો ફરી જાય છે, પણ તે વખતે જ પોતાને વિશેષ જાગૃત કરી દેવો જોઈએ. જીવ એમ વિચારે છે કે ૫૦ વર્ષ પછી વિચારીશું. અત્યારે પહેલા કમાઈ લઉં, કુટુંબના કામ કરી લઉં, તે બધું થઈ જાય પછી વિચારીશું !! પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી શિક્ષાપાઠ-૧૦૧ના આઠમા મુદ્દામાં કહે છે કે

**''યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.''**

અથવા યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવું તે જ બુદ્ધિમાનનું, વિવેકી મનુષ્યનું કર્તવ્ય છે. તેના માટે નીતિશાસ્ત્રમાં બહુ વિસ્તારથી કહ્યું છે,

''यावत् स्वस्थं इदं क्लेवरगृहम्, यावत् च दूरे जरा,
चावत् च इन्द्रियशक्तिः अप्रतिहता, यावत् क्षयोनायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः किदृशः ॥''

ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે તો રાખ સિવાય કંઈ હાથ લાગે નહિ તેમ આપણે ધર્મને ધકેલે જ જઈએ તો ત્રણ કાળે પણ આત્મકલ્યાણ થાય નહીં. અહીં ગુણગ્રહણની વાત ચાલે છે. તો ગુણગ્રહણ નિશ્ચયથી, પરમાર્થથી કેવી રીતે થાય ? કારણ કે ગુણ એવી કોઈ વસ્તુ નથી કે જે કોઈ ઠેકાણે પડી હોય અને આપણે લઈ લઈએ જેમ કે ક્ષમાગુણ અભરાઈ ઉપરથી લઈ આવીએ, રસોડામાંથી સંતોષગુણ, ટેબલ ઉપરથી વિનયગુણ લઈ આવીએ એવી કોઈ વ્યવસ્થા નથી. પરંતુ તે ગુણો તો મહાપુરુષોના સાન્નિધ્યથી તેમની મન, વચન, કાયાથી ચેષ્ટાથી અને તેમના વચનોથી તેના અર્થને હૃદયગત કરવાથી સદ્‌ગુણો પ્રગટે છે. સદ્‌ગુણો ક્યાંયથી વેચાતા મળતા નથી, જો મળે તો સમજવું કે તે માત્ર વ્યવહારિક છે. જેમકે હું બે લાખ રૂપિયા આપું એટલે મારી મોટી તકતી લગાવશે એટલે મારો સંતોષગુણ પ્રગટ થશે. હે ભાઈ ! સંતોષ પ્રગટે એનાથી ઘણો તારો અહંકાર વધી ગયો એટલે સરવાળે મીંડુ થઈ ગયું સમજવું, પણ આવું દુર્લભજ્ઞાન સદ્‌ગુરુ આશ્રય વિના મળતું નથી. તેમના શરણે રહી તેમની આજ્ઞા પ્રમાણે જો જીવ અલ્પ પણ પુરુષાર્થ કરે તો તેનું કલ્યાણ થઈ જાય. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક - ૨૦૦ના

અગિયારમા મુદ્દામાં કહ્યું છે કે,

"અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે."

## ગુણસ્મરણ :

જ્ઞાની ભગવંતોના ગુણોનું નિશદિન સ્મરણ કરવું. ગુણોની સાથે બધું આવી જાય છે. તેમનું નામસ્મરણ, તેમના ગુણોનું સ્મરણ, તેમના ચારિત્રનું સ્મરણ અને તેમની દિવ્ય અલૌકિક પરમ શાંત આનંદમય મુદ્રાનું સ્મરણ કરવું. આ બધામાં સ્મરણ તે કેન્દ્રસ્થાને છે. સમાધિશતક ગાથા - ૯૫-૯૬માં આચાર્યશ્રી પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે કે જેની તું ભાવપૂર્વક સ્મૃતિ કરીશ તેની તને પ્રીતિ થશે અને જેની સાથે પ્રીતિ થશે તેની તને શ્રદ્ધા થશે. અને જ્યાં સ્મૃતિ, પ્રીતિ અને પ્રતીતિ થઈ ત્યાં તારી સ્થિતિ એટલે એકાગ્રતા, લીનતા થશે કે જે સાક્ષાત્ ધર્મ છે. મૂળમાર્ગ રહસ્યમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે,

"જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ, મૂળ.
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ."

અહીં ગુણગ્રહણની ઉત્કટ ભાવના તથા તે ગુણોનું ગ્રહણ. ગુણસ્મરણથી થાય છે તેમ જાણવું. મોક્ષમાર્ગમાં લાગવગ લાગતી નથી કે કંઈ કર્યા વગર બધું મળી જાય, પણ હા સદ્ગુરુદેવની કૃપા થાય છે, કરુણા મળે છે તથા તેમની અમીદૃષ્ટિ પણ મળે છે. બસ શરત એટલી જ છે કે તમારામાં પાત્રતા હોવી જોઈએ, નહિતર આમાંનું કાંઈ મળતું નથી. કોઈ એમ કહે કે સાહેબ, આ તમારા ગુરુમહારાજ તો પક્ષપાતી છે તેઓ કોઈના ઉપર કૃપા કરે છે અને કોઈના ઉપર નથી કરતાં ! હે ભાઈ, એવું નથી. ભગવાન પક્ષપાતી નથી, પણ જેવી જેની યોગ્યતા હોય તેવી તેના ઉપર વિના માંગે પણ કૃપા કરે છે એમ નિશ્ચયથી સમજવું. પણ આપણે વારંવાર તેમની કૃપા યાચવી જોઈએ એમ આનંદઘનજી મહારાજ ચોથા શ્રી અભિનંદન સ્વામી ભગવાનના સ્તવનમાં કહે છે,

"દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન."

શ્રી આનંદઘનજી મહારાજ એમ કહે છે કે દુર્લભ એવું આપનું દર્શન તે આપની કૃપા થકી સુલભ થાય છે. સ્મરણ એ ભક્તિનો એક પ્રકાર છે. આમ તો ભક્તિના નવ પ્રકાર છે. શ્રી બનારસીદાસજીએ નવધાભક્તિના પ્રકાર બતાવતા દોહો રચ્યો છે કે,

"શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;
લઘુતા, સમતા, એકતા, નવધાભક્તિ પ્રમાણ."

આ નવ પ્રકારોમાંથી ચિંતવન અને ધ્યાનમાં સ્મરણ આવે છે. ગુરુપૂર્ણિમા જેવો પાવન દિન વિશેષ સદ્ગુરુના સાન્નિધ્ય તથા અનુગ્રહ પ્રાપ્તિનો દિન છે. આપણે તેમના દિવ્ય જીવન અને ગુણોને ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો અને તેનો સૌથી સરળ ઉપાય આચાર્ય ભગવંતોએ આપણને એ બતાવ્યો છે કે આપણે વારંવાર ભાવપૂર્વક સદ્ગુરુનું સ્મરણ કરવું. તેમના સત્સંગ, સાન્નિધ્ય અર્થે આપણે જે કાંઈ ભોગ આપવો પડે, કિંમત ચૂકવવી પડે તે ચૂકવવી. સદ્ગુરુના ચરણમાં ધન અર્પણ કરવું તે સહેલું છે પણ મન અર્પણ કરવું તે સૌથી વધારે કઠિનમાં કઠિન છે. આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય આપણને આ વાત તર્ક સહિત સમજાવતા શ્રી સમયસારજીમાં કહે છે કે ધન છે તે અબદ્ધ નોકર્મ છે એટલે કે મારાથી એ દૂરનો પદાર્થ છે. તેનું તમે દાન કરો છો

તે પ્રશંસનીય છે પણ તેનાથી અઘરું તનથી સમર્પણ તે થવું છે કારણ કે તે બદ્ધ નોકર્મ છે તે આત્મા સાથે એકક્ષેત્રાવગાહ દૂધ-પાણીની જેમ બંધાયેલું છે તથા તેનાથીયે અઘરું મન સમર્પિત કરવું તે છે અને જ્યાં સુધી આ ભાવમન સમર્પિત નહીં થાય ત્યાં સુધી તમારા કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, ભલે ગમે ગમે તેટલું ધન, તન સમર્પિત કરો. એક - એક રૂપિયાના ઢગલા પરચૂરણોથી તમને કાંઈ હીરાના હાર ન મળે, તેમ મન જોડાયા વિના હરિ મળે નહિ. જો મન ન જોડાય તો તેને ફરી ફરી જોડવાનો પ્રયત્ન કરવો તોપણ જો ન જોડાય તો તેનાથી અલગ થઈ જવું. સત્પુરુષોના જીવનચરિત્રોનો આધાર લઈ વિશેષ વીર્ય સ્ફુરાયમાન કરી મનમાં ઉત્પન્ન થતાં વિપરીત ભાવોને પોતાના ઉપર હાવી ના થવા દઈ તેને કચડી નાખવાનો પ્રયત્ન કરવો. ગુણગ્રાહકતાનો, ગુણસ્મરણનો સંકલ્પ અને તે ગુણોને આત્મસાત્ કરવા માટે જીવનમાં સરફરોશીની ભાવના યાવત્ મૃત્યુપર્યંત રાખવી. અધ્યાત્મ યોગીશ્વર શ્રી અમૃતચંદ્રાચાર્યજી કહે છે કે,

''अयि कथमपिमृत्वा तत्वकौतूहलि सन्''

જેઓ એક કીડીને તો શું પણ એકેન્દ્રિય જીવો એટલે કે છ કાયની પણ રક્ષા કરે છે તેવા આચાર્ય મહારાજ આપણને કહે છે કે હે ભવ્ય ! એકવાર તું માત્ર કુતૂહલ માટે પણ આ તત્ત્વને જાણ. તેને જાણવાનો પુરુષાર્થ કરવામાં જો તારું મૃત્યુ થાય તોપણ વાંધો નથી, પણ એકવાર આ આત્મતત્ત્વનું તું પરિજ્ઞાન કર. તેનો અનુભવ કર. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી પણ પત્રાંક-૧૨૮માં કહે છે કે,

''ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કાંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.''

ધર્મકાર્ય ઘરના બધા ૧૦૦ % હા કહે તો જ થાય એવું નથી. આપણે ધર્મને જીવનમાં વણી લેવાનો યથાર્થ પુરુષાર્થ ધીમે-ધીમે ચાલુ કરી જ દેવો જોઈએ કારણ કે આપણને મળેલ આ મનુષ્યભવનું આયુષ્ય ટૂંકુ છે અને તેમાંય જો બધાને રાજી કરીને પછી ધર્મ કરવા જશો તો જીવન તેમને મનાવવામાં જ પૂરું થઈ જશે. માટે આપણે આપણા આ મનુષ્યભવને સાર્થક કરવા શું કરવું જોઈએ ?

''ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;<br>
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.<br>
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;<br>
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

## ઉપસંહાર

આમ, આપણને મહત્પુણ્યના યોગે પ્રાપ્ત થયેલ સદ્ગુરુના યોગને સાર્થક કરી, ભાવપૂર્વક તેમના ગુણોનું સ્મરણ કરી, તેમના ગુણાનુવાદ કરીને તેના ફળરૂપે ગુણગ્રહણ કરી આપણે આપણા આત્મારૂપી બગીચામાં અનેક સદ્ગુણરૂપી ફૂલો ખીલવીને જીવનને દિવ્ય, પવિત્ર, સુગંધિત બનાવી સ્વ-પર કલ્યાણ કરી સદ્ગુરુના ઋણને ઉતારવાનો પાવન પુરુષાર્થ કરી ભવનિવૃત્તિ તરફ ગમન કરી માનવભવ સફળ કરવો જોઈએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

**વનને નવપલ્લવિત કરે તે વસંત,**<br>
**જીવનને નવપલ્લવિત કરે તે સંત.**

પરમનો સ્પર્શ - ૬૯

# સાચી મૈત્રીથી પુનર્જન્મ !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સાધનાના માર્ગે પ્ર-ગતિ કરવી વ્યક્તિનું પોતાના ભીતર સાથે અનુસંધાન હોવું જોઈએ. વ્યક્તિના ચિત્તમાં દ્વેષ, રોષ, ઈર્ષ્યા, કષાય અને વાસનાની મલિનતા હોય ને બહાર હાથમાં માળા ફરતી હોય, તો તે નિરર્થક છે. ધર્મની બાબતમાં આંતર-જગતની સંપન્નતાને વિચાર કરવાને બદલે આપણે બાહ્ય જગતનો સાધનસંપન્ન અસબાબ વધુ પ્રદર્શિત કરીએ છીએ.

આમે ય વ્યક્તિને આંતર જગત તરફ જવું અનુકૂળ આવતું નથી. આનું કારણ એ કે જન્મથી જ એણે બાહ્ય-જગતના ભોગ-ઉપભોગ જોયાં હોય છે. સતત બાહ્ય ભૌતિક વસ્તુઓ કે પરિચિત વ્યક્તિઓનું આકર્ષણ રહ્યું હોય છે. જીવનમાં પણ એણે બાહ્ય ઘટનાઓમાં સવિશેષ રસ-રુચિ દાખવ્યાં હોય છે અને એની વાતો, વિચારો કે વલણો પ્રધાનપણે બાહ્ય જીવન અને જગતના અનુસંધાને ચાલે છે.

કોઈ સંસારમાં ડૂબેલા માનવીને મળીએ, ત્યારે એની પાસે મોજ-મજા, વસ્ત્રો, સંપત્તિ, સત્તા એની જ વાતો હોય છે, કારણ કે એનું ધ્યાન માત્ર બાહ્યની ચીજ-વસ્તુઓ, પરિસ્થિતિ અને આસપાસની સૃષ્ટિ પર કેન્દ્રિત હોય છે. એ બાહ્ય જગતની કે સાધન-સમૃદ્ધિનું જોરદાર જુસ્સાભેર વર્ણન કરીને પોતાની જાતનો પ્રભાવ પાડીને માન-સન્માન મેળવવા કોશિશ કરે છે. એની આ સાંસારિક વૃત્તિ એના વાણી, વર્તન અને વ્યવહારમાં સતત પ્રગટ થતાં હોય છે. જીવનભર ધનની પાછળ દોડનાર વ્યક્તિને તમે આંતરિક સાધનાની વાત કરશો, તો તે તમારી તરફ વિચિત્ર નજરે જોયા કરશે. એને થશે કે સંપત્તિમાં રાચતી પૃથ્વી પર બિચારો આ માનવી ભૂલો પડ્યો લાગે છે ! જે આનંદોમાં આખું જગત મહાલી રહ્યું છે, એ આનંદનો બિચારાને લેશમાત્ર ખ્યાલ નથી ! આથી જ 'પાકા સંસારી' ઉચ્ચ સાધકની પહેલાં અવગણના કરતા હોય છે. એમને થાય છે કે આમની વાતો તો સાવ તર્કહીન છે અને સહેજે લાભદાયી નથી.

ઘણીવાર એવું બને છે કે સંસારનું બાહ્ય આકર્ષણ ધર્મના ક્ષેત્રમાં પણ પ્રવર્તે છે. સંસારમાં પોતાના પુત્રના લગ્ન સમયે મોટો ખર્ચ કરીને 'ભપકો' દેખાડનાર વ્યક્તિ ધર્મકાર્યોમાં પણ ભવ્ય કે અતિભવ્ય આયોજનોથી 'વટ પાડવાનો' વિચાર કરતો હોય છે. સંસારમાંથી ધર્મ પ્રતિ ગતિ થઈ, પણ બાહ્યવૃત્તિ તો એવી ને એવી જ અખંડ રહી. એથી ક્યારેક તો લગ્નના ભવ્ય સમારંભોની શૈલીમાં ધર્મના સમારંભો યોજાતા હોય છે. અઢળક સમૃદ્ધિ ખર્ચીને લગ્ન કરનારની જેવી પ્રતિષ્ઠા હોય છે, એવી જ પ્રતિષ્ઠા મેળવવાનો ધર્મક્ષેત્રે પ્રયાસ થાય છે. આમાં એવું બને છે કે વ્યક્તિ સંસારમાંથી સંન્યાસમાં જાય છે; પરંતુ એની સંસાર-વૃત્તિ અખંડ રહે છે. લગ્નની મોંઘી કંકોતરીનું એને આકર્ષણ હોય છે અને એ જ આકર્ષણ સાધુ કે સંન્યાસી બન્યા પછી પણ હોય છે.

આનો અર્થ એટલો જ કે પહેલાં જગત તરફ મુખ હતું, એ જ રીતે આજે પણ જગત તરફ એનું મુખ મંડાયેલું છે. માત્ર પહેલાં સાંસારિક બાબતોમાં એનું લક્ષ્ય હતું, તો હવે ધાર્મિક બાબતોમાં એનું લક્ષ્ય છે. આને પરિણામે તો વ્યક્તિ ભવ્યાતિભવ્ય મંદિરોનું નિર્માણ કરે છે. એક મંદિર હોય તો

બાજુમાં પોતાનું બીજું મંદિર ઊભું કરે છે. જેમ વ્યવહાર જગતમાં પોતાના વ્યવસાયમાં બીજાની સ્પર્ધા કરતો હતો, એ જ સ્પર્ધા ને સ્થૂળતા અહીં સૂક્ષ્મતારૂપે પ્રવર્તે છે. આથી ખરું કામ તો આંતર પરિવર્તનનું છે. બહાર ભ્રમણ કરતા ચિત્તને ભીતર પ્રતિ વાળવાનું છે.

આને માટે 'યોગશાસ્ત્ર'માં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એવી ચાર ભાવનાઓની વાત કરી છે. આ ભાવનાઓ જેમ ભીતરમાં વધતી જાય, તેમ તેમ વ્યક્તિમાં આંતરિક પરિવર્તન આવતું જાય. મૈત્રી જાગૃત થતાં સમગ્ર જગત પ્રત્યેનું તમારું દર્શન અને દૃષ્ટિ પલટાઈ જશે. પહેલાં આપણા તમામ સંબંધો મિત્ર અને શત્રુ એવા બે ચૂસ્ત ખાનામાં વહેંચાયેલા હતા. અમુક માણસો આપણને પસંદ હોય છે અને અમુક નાપસંદ હોય છે. અમુક વ્યક્તિઓ વિશે વાત થાય, ત્યારે આપણે એની પ્રશંસામાં ડૂબી જઈએ છીએ અને અમુક વ્યક્તિની અછડતી વાત થાય, તો તત્કાળ આપણું ચિત્ત એની ટીકા-નિંદા કરવા ઉદ્યુક્ત બની જાય છે.

આનું કારણ એ છે કે આપણે જીવનને લાભ અને હાનિના ત્રાજવે તોળીએ છીએ. અનુકૂળતા અને પ્રતિકૂળતાની દૃષ્ટિએ જોઈએ છીએ. જ્યાં આવો ભેદ હોય, ત્યાં મૈત્રી સાધી શકાતી નથી. જૈનદર્શને એવી મૈત્રીની વાત કરી છે કે વ્યક્તિ માત્ર મનુષ્ય સાથે જ મૈત્રીના નાતે જોડાય એટલું પૂરતું નથી; પરંતુ પ્રાણી અને પ્રકૃતિ સાથે પણ એણે મૈત્રી સાધવી જોઈએ. એ ગુસ્સામાં આવીને પોતાના હાથમાં આવેલી કોઈ ચીજ કોઈના પર ફેંકે, એ જેટલું અયોગ્ય છે, એટલું જ અયોગ્ય એ વિના કારણે રસ્તે ચાલતાં ફૂલોનો નાશ કરતો રહે અને પ્રાણીઓને પથ્થર મારતો રહે તે છે. મૈત્રીનો ભાવ જાગતા વ્યક્તિમાં પરિવર્તન થવા લાગશે. એને એક પ્રકારનું બળ મળશે. એનો પ્રેમ વધશે, એના હૃદયની કોમળતામાં વૃદ્ધિ થશે અને આ રીતે એના જીવનમાં પરિવર્તન આવશે. સૌથી વિશેષ તો એનામાં અન્યને માટે સ્નેહ, હૂંફ અને સકારાત્મક વૃત્તિ જાગશે. આવી મૈત્રી નિષ્ઠુરતા અને ક્રૂરતાને ઓગાળી નાખે છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ આ જ મૈત્રીભાવથી ઘાયલ સિંહને પોતાનો મિત્ર બનાવ્યો હતો. મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં એમના પર લાઠીઓનો વરસાદ વરસાવનાર આલમગીર પઠાણ તરફ ક્ષમા દાખવી હતી અને એને પોતાનો મિત્ર બનાવી દીધો.

મૈત્રી તમારી ભીતરમાં એક બીજા માનવીને જન્મ આપે છે. માનવીનો જન્મ એના જન્મ સમયથી થતો નથી; પરંતુ એના હૃદયમાં જ્યારે બીજો મૈત્રીભાવથી ભરેલો માનવી જન્મે ત્યારે થાય છે. આજના સમયમાં એક બાજુ વૈશ્વિકીકરણ (ગ્લોબલલાઈઝેશન) થાય છે અને આ દુનિયા 'ગ્લોબલ વિલેજ' બની જશે એમ કહેવાય છે, ત્યારે બીજી બાજુ માનવી વધુને વધુ સ્વાર્થકેન્દ્રી બનતો જાય છે. મકાનો બહુમાળી બન્યાં છે, પણ માનવીના ચિત્તમાંથી જીવનમૂલ્યો અને ઉદાત્ત ભાવનાઓ જમીનદોસ્ત થઈ ગયા છે. રાજમાર્ગો વિશાળ બન્યા છે, પરંતુ જીવન વધુને વધુ સ્વાર્થી ને મતલબી બન્યું છે. સંચાર માધ્યમને કારણે ક્રાંતિ થઈ છે, પરંતુ હૃદયનો હૃદય સાથેનો સંવાદ વિસરાતો ગયો છે.

જીવનમાં બધું જ સ્વની આસપાસ ચાલે છે. માનવી સાધનસંપન્ન થવા માટે સઘળા ઉપાયો કરે છે, પણ સાધનાસંપન્ન થવાનો સહેજે વિચાર કરતો નથી. એના જીવનનો આધાર ગમતા અને અણગમતા પર છે. ગમતી વાતને માટે એ આંખો મીંચીને મુઠ્ઠી વાળીને દોડે છે અને અણગમતું થતાં ઉશ્કેરાટ, અજંપો કે અકળામણ અનુભવે છે. વળી, એને માટે ગમતી વાત એ પોતાના લાભની વાત

હોય છે. કોઈ સરસ મજાનું ખીલેલું પુષ્પ જોઈને એનું હૃદય નાચતું નથી, કોઈ બાળકનું હાસ્ય જોઈને એનું ચિત્ત પ્રફુલ્લિત થતું નથી, કોઈ સત્કર્મની વાત સાંભળીને એના હૃદયમાં શુભ ભાવો ઉભરાતા નથી.

કવિએ કહ્યું કે, 'ગમતાંનો કરીએ ગુલાલ' પણ આજે તો અણગમતાંનો ઉત્સવ ચાલે છે. પોતાને અણગમતી વાત એ સૌને કરે છે. કોઈને કહી ન શકે તો મનમાં મમળાવ્યા કરે છે. ટ્રાફિક જામમાં ફસાઈને બહાર નીકળી ગયા બાદ પણ કેટલાંય કલાકો સુધી એના મનમાં ટ્રાફિક-જામ ચાલુ રહે છે. રામો, રસોઈયો કે ડ્રાઈવર એના જીવનનું કેન્દ્ર બની ગયા હોય છે અને એની ગેરહાજરી માણસને સતત ખૂંચતી હોય છે. જે માણસ બહારના કોલાહલથી ઘેરાયેલો છે અને એની પાછળ આંખો મીંચીને દોટ લગાવે છે, એ માણસ જેવો પોતાની જાતનો બીજો કોઈ દુશ્મન નથી. જે માણસ પોતાની ભીતરમાંથી આનંદ મેળવતા શીખે છે, એ પોતાની જાતનો સૌથી મોટો મિત્ર છે. ઘણાં લોકો અઠવાડિયાના છ દિવસ બાવળ વાવતાં ફરે છે અને સાતમા દિવસે મંદિરમાં જઈને પ્રભુને પ્રાર્થના કરે છે કે, 'હે પ્રભુ ! કાંટાની ફસલ ન થાય તે જોજે, કેરી ઉગાડજે !'

મૈત્રી એટલે માનવીનો પુનર્જન્મ, મૈત્રી એટલે બીજાના હિતની ચિંતા. આને માટે સૌથી આવશ્યક બાબત એ જિંદગીનો અંતર્મુખ બનીને વિચાર કરવાની છે. અંતર્મુખતા હોય તો જ 'પરહિત'નો વિચાર થઈ શકે. આજના આપણા જીવનની સ્થિતિ એવી છે કે વ્યક્તિ સ્વાર્થ જોતો થયો અને પછી સ્વાર્થ એ જ એની આદત બની ગઈ. કોઈપણ બાબતમાં એ વિચારે છે કે, 'મારું શું ?' અને જો એમાં લાભ ન હોય, તો એ એની અવગણના કરતાં વિચારે છે કે, 'મારે શું !'

મૈત્રીની ભાવના બે વ્યક્તિ વચ્ચેના સંબંધથી વિકસીને સમગ્ર જડચેતન સૃષ્ટિના સંબંધ સુધી વિસ્તરે છે. બે મિત્રો વચ્ચેની મૈત્રી હોય, પતિ અને પત્ની વચ્ચેની મૈત્રી હોય કે પછી વ્યક્તિની પોતાના સગાં-સ્નેહીઓ સાથેની મૈત્રી હોય, એ જ વ્યક્તિને સમાન ભાવના ધરાવનારાઓ સાથે મૈત્રી હોય, અને એકસરખી વિચારધારા ધરાવનાર સાથે દોસ્તી હોય, પણ એથીય આગળ વધીને મૈત્રી વધુ વિસ્તાર સાધતી હોય છે. **(ક્રમશઃ)**

• • •

## સદ્‌ગૃહસ્થની આચારસંહિતા

**(પાના નં. ૧૭ પરથી ચાલુ...)**

સદ્‌ગૃહસ્થના કુટુંબીઓ વેશ પરિધાન કરે છે, જેથી લોકલાજ તથા કુટુંબમર્યાદા સચવાય છે.

**(૨) વિપરીતતાવાળા દેશકાળમાં રહેવું નહિ :** જે દેશમાં કે તેવા કોઈ સમયમાં વસવાથી વિઘ્ન આવે એવું લાગે તો ત્યાં વસવું નહિ.

**(૩) પોતાની શક્તિની મર્યાદામાં કાર્ય કરવું :** પોતાની શક્તિને છુપાવ્યા વિના તેમજ શક્તિની મર્યાદામાં અને પાછળથી પસ્તાવું પડે તેવું કાર્ય કરવું નહિ.

**(૪) સાદગીભર્યું જીવન :** સદ્‌ગૃહસ્થો પોતાની જરૂરિયાત ઓછી રાખે છે, પરિગ્રહ પણ ઓછો રાખે છે, જેથી ઘરમાં સ્વચ્છતા અને પવિત્રતાનો વાસ હોય છે.

પરમકૃપાળુદેવે શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૨માં ઉત્તમ ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ પણ વખાણવા યોગ્ય છે એમ જણાવી સદ્‌ગૃહસ્થના રોજિંદા ધર્મમય જીવનનું પ્રયોગલક્ષી વિવેચન કર્યું છે - જે આપણા સૌ માટે ખૂબ ઉપયોગી છે.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૮)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

જેમ સરિતા સાગરમાં લય પામે તેમ જેઓની દશા દશાવાનને નિરંતર ભજતી હતી તેવા રાજપ્રભુ હૃદયસખા શ્રી સોભાગભાઈને પત્રાંક-૫૬૦માં પ્રકાશે છે, “જો જ્ઞાની પુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમકે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે ? આટલું સત્ય છે કે આ દુષમકાળને વિશે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઈએ. અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઈએ; તો પણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઈચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પકાળમાં ફળીભૂત થાય.” હૃદયસખાને સત્પુરુષ - તેનો દૃઢ આશ્રય - દશાનું દર્શન - વૃત્તિઓનો ક્ષય તથા સત્સંગની સમીપતાનો અપૂર્વ બોધ દર્શાવ્યો છે, જે સર્વ મુમુક્ષુએ ગ્રહણ કરીને - પરિણમન રૂપ કરવા યોગ્ય છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય - આત્મસમાધિના અપૂર્વ દાતા છે. અપૂર્વ માર્ગ દર્શાવી સાધકને સિદ્ધત્વ અર્પે છે. વ્યવહાર દૃષ્ટિએ આ પ્રમાણે કહી શકાય. અહીં સમાધિતંત્ર શ્લોક અઢારમાં કહે છે,

**यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।**
**जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ॥१८॥**

**અર્થાત્** - મારા વડે જે રૂપ - શરીરાદિ રૂપી પદાર્થ દેખાય છે તે અચેતન પદાર્થ સર્વથા કોઈને જાણતો નથી અને જાણવાવાળો ચૈતન્યરૂપ આત્મા તે દેખાતો નથી. તો હું કોની સાથે બોલું ?

આપણે પ્રથમ પંક્તિનો અભ્યાસ કર્યો છે અને અહીં બીજી પંક્તિનો અભ્યાસ કરીએ :

(૧) जानन् रूपं न दृश्यते - જાણવાવાળો ચેતનરૂપ આત્મા દેખાતો નથી.

(૨) ततः केन ब्रवीमि अहम् - તો હું કોની સાથે બોલું ?

શ્રી આચાર્યદેવ બાહ્યવાચાની નિવૃત્તિ કેમ સાધક કરી શકે તેનો ઉપાય દર્શાવે છે. બાહ્ય પદાર્થો અચેતન છે - રૂપી હોવા છતાં ભાન વગરના છે તેથી બોલવાની પ્રવૃત્તિ થઈ શકે તેમ નથી તથા જે જાણવાવાળો જ્ઞાનમય ચેતનરૂપ આત્મા છે તે દેખાતો નથી. સાધક કહે છે કે મારે કોની સાથે વાર્તાલાપ કરવો ? અર્થાત્ ઉપયોગને અંતરમાં સ્થિરતાનો પુરુષાર્થ સાધ. આત્માનો આસ્વાદક બન.

જે જાણનાર છે તે તો દેખાતો નથી, અરૂપી સ્વરૂપ આત્મા દેખાય કેમ ? સામે દેખાય તેને બોલાવી શકાય, પણ જે દેખાય નહિ તેને કેમ બોલાવી શકાય ? એમ વિચારી બોલવાની વૃત્તિ સમાવી દેવી. બોલવાની વૃત્તિ નહિ થાય તો ચિત્ત શાંત થશે. વિકલ્પોની પરંપરા શાંત થશે. વિકલ્પો ધીમા થશે. વિકલ્પો શાંત થશે તો મન સ્વરૂપમાં ઠરશે. સ્વરૂપ પ્રતિ વળશે. રૂપી પુદ્ગલના ગુણધર્મો - વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપીપણું તથા ચેતનસ્વરૂપ આત્માના ગુણધર્મો - ઉપયોગ લક્ષણ, અનંતગુણથી

સભર, શાશ્વત જ્ઞાનમય વગેરે વિચારી, ભેદજ્ઞાનની પ્રક્રિયાને તીક્ષ્ણ બનાવી આત્મા આત્મારૂપે રહે તો પરપદાર્થનો મોહ મટી, સ્વવસ્તુમાં વાસ થાય. આત્મા અનુભવાય. આ જ परमात्मनः प्रदीपः योगः પરમાત્માને પ્રાપ્ત થવાનો પ્રદીપ રૂપ યોગ છે, જે પૂ. આચાર્યદેવ ઉદ્‌ઘાટિત કરે છે.

કોઈ સાથે બોલવું તે વ્યવહારનયનું કથન છે. નિશ્ચયનયની દૃષ્ટિએ કોઈ જીવ બોલી શકતો જ નથી. જે વાણી નીકળે છે તે ભાષાવર્ગણા રૂપ પુદ્‌ગલોનું પરિણમન છે. જ્ઞાનમય, આનંદમૂર્તિ આત્માનું પરિણમન નથી. અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ નિમિત્તમાત્ર છે. વિકલ્પ અને વાણી એ બંનેમાં નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે. વિકલ્પના કારણે વાણી નીકળે છે એમ નથી અને વાણી નીકળી એટલે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી તેથી તે એમ માને છે કે મેં બોલવાની ઈચ્છા કરી એટલે વાણી નીકળી, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં એ સત્ય નથી. ભાષાવર્ગણાનું વાણી રૂપે પરિણમન તેના કારણે છે, સ્વતંત્ર છે; ઈચ્છાથી તે નિરપેક્ષ છે; છતાં હું બોલું છું એમ માનવામાં જીવ-અજીવ તત્ત્વોની અજ્ઞાની એકતાબુદ્ધિ કરે છે. આવી વિપરીત માન્યતાને લીધે જીવને અનંત સંસારના કારણરૂપ અનંતાનુબંધી કષાયનો બંધ પડે છે.

જ્ઞાનીને અસ્થિરતાને કારણે બોલવાનો વિકલ્પ આવે, પણ સ્વભાવની દૃષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો જ્ઞાનીને નિષેધ વર્તે છે કારણ કે તે જાણે છે કે વિકલ્પ એ રાગ છે. આત્માનું સ્વરૂપ નથી. માટે કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો એ દોષ છે. આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતા રૂપ મૌન સેવે છે તેને જ સાચી વચનગુપ્તિ છે. આવી વચનગુપ્તિથી બાહ્યવાચા અને સંપૂર્ણ અંતરવાચાનો સહજ નાશ થાય છે. આત્મા સ્વરૂપભોક્તા થતાં અનુક્રમે સિદ્ધદશા પામે છે.

અમૃતરસ મગ્ન શ્રી અમૃતચંદ્ર આચાર્ય દ્રવ્યાર્થિક નયથી આત્મસ્વરૂપને ઉદ્‌ઘાટિત કરે છે - કળશ છે,

**आत्मस्वभावं परभावभिन्नमापूर्णमाद्यन्त विमुक्तमेकं ।**
**विलीनसंकल्पविकल्पजालं प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति ॥**

**અર્થાત્** - શુદ્ધનય આત્માને પ્રગટ કરતો ઉદિત થાય છે. પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતાં વિભાવો એવા પરભાવથી આત્મા ભિન્ન છે. આત્મા સ્વભાવ પરિપૂર્ણ છે. આદિ અંતથી રહિત છે. સર્વ ભેદભાવથી રહિત એક છે. સંકલ્પ - વિકલ્પના સમૂહ વિલીન થયા છે એવો શુદ્ધનય ઉદય પામે છે. દ્રવ્યદૃષ્ટિથી આત્મ સ્વરૂપનું દર્શન થાય છે.

આ સંદર્ભમાં શ્રી શીતલપ્રસાદ જૈન નોંધે છે કે शुद्धनिश्चयनय ऐसा बतलाती है कि आत्मा का स्वभाव परभाव से जुदा, अपने गुणोमें पूर्ण आदि व अन्त से रहित, एकरूप तथा संकल्प-विकल्प के जालो से रहित है । अनुभव के लिये अभ्यास करने वाले अन्तरात्मा के लिए यही उचित है कि वह अपने आत्मा को तथा जगत को द्रव्यदृष्टि से देखे - जब ऐसा देखेगा तब अवश्य समता प्रकाशमान हो जायेगी । इस तरह अन्तरात्मा को अपने भीतर विचार कर किसी से बात करने का भाव बिलकुल मन से निकाल देना चाहिये ।

આ દૃષ્ટિએ શ્રી આચાર્યદેવ સાધકને માર્ગ સરળ બતાવે છે ત્યારે બાહ્ય વાચા બંધ થાય છે. પુરુષાર્થની તીવ્રતાથી અંતરવાચા બંધ થાય છે ત્યારે સાધક કહે છે કે હું કોની સાથે બોલું ? કોની સાથે વચન - પ્રવૃત્તિ કરું ? હું કોનાથી વાર્તાલાપ કરું ? વાર્તાલાપ માટે અન્ય પક્ષની જરૂર રહે છે. હવે અન્ય પક્ષ જ નથી તો કોની સાથે વાર્તાલાપ કરું ?

**દૃષ્ટાંત :** પર્વતની ટેકરી ઉપર એક સંત રહેતા

હતા. પોતાની મસ્તીમાં મસ્ત રહેતા- અસંગદશા તેઓને સહજ વરેલી હતી. અદ્વૈતમાં જીવતા સંત સદા પ્રસન્ન રહેતા હતા. સદ્‌ગુરુની નિશ્રામાં આત્મયોગ સાધેલો હતો. અદ્વૈત આરાધક સંત પ્રાયઃ એકલા રહેતા હતા. ભિક્ષાની પ્રવૃત્તિ કોઈ કોઈ વાર સહજ રૂપે થઈ જતી. સંકલ્પ - વિકલ્પથી મુક્ત દશામાં આત્માનંદમાં જીવતા સંત પાસે અન્ય કોઈ પંડિત આવી મળ્યા. પંડિતે સંત પાસે બેસીને વેદાન્તના જ્ઞાનને સ્વમુખેથી પ્રગટ કરવાનું શરૂ કર્યું. આત્મમસ્તીમાં મસ્ત સંત સહજપણે સાંભળે છે. કેટલોક સમય આ પ્રક્રિયા ચાલતી રહી. પંડિત કહે છે કે તમે એકલા એકલા રહો છો, તેથી મને થયું કે સાવ એકલા રહો છો તો હું આપની પાસે આવું તો બે વ્યક્તિ બેઠેલા થાય તેથી આપની સાથે વાતચીત થાય અને આપની પ્રસન્નતા વધે. એકલાપણું ન લાગે માટે વાતચીત કરવા આપની પાસે આવ્યો છું. સંત કહે કે હું એકલો સ્વમસ્તીમાં મસ્ત હતો. મારે વાતચીતમાં આવવું રહ્યું. હું અદ્વૈતભાવમાં - અસંગભાવની લહેરમાં હતો. મારે દ્વૈતભાવને સ્વીકારવો પડ્યો. સદા હું પ્રસન્નતામાં જીવું છું. અસંગતા મને ગમે છે. અદ્વૈતમાં જીવવું એ સદ્‌ગુરુએ બતાવેલું કૃપાથી પ્રાપ્ત થયેલું મારું સદ્‌ભાગ્ય છે. આવેલા પંડિત સમજી ગયા કે આ સંત અદ્વૈતભાવથી પવિત્ર ભૂમિમાં સદા આનંદમાં છે. મારી જ ભૂલ થઈ. સંતના ચરણે નમસ્કાર કરી વિદાય લે છે.

દૃષ્ટાંતથી સમજાય છે કે બાહ્યવાચા અને અંતરવાચાથી જે મુક્ત થાય છે તે પરમાત્મદશામાં સ્થિર થાય છે.

શ્રી આચાર્યદેવ સ્પષ્ટતાથી માધુર્યપૂર્ણ સમજાવે છે કે રૂપી પદાર્થો અચેતન છે તેથી તેઓની સાથે વાર્તાલાપ શક્ય નથી. તથા જે જાણવાવાળો પરિપૂર્ણ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન આત્મા અરૂપી છે. બાહ્ય કે આંતરરૂપે દેખાતો જ નથી. જે દેખાતો નથી તો તેની સાથે વાર્તાલાપ કેમ થઈ શકે ?

સાધક બાહ્ય વાર્તાલાપને ત્યાગી શકે છે પણ ભીતરમાં ચાલતાં મનોભાવને કેવી રીતે દૂર કરી શકાય તેનો શ્લોક ૧૯માં ઉપાય દર્શાવે છે. પૂજ્ય બેનશ્રી ચંપાબેન ઉત્તમ માર્ગદર્શન આપતા કહે છે, ''જેને રુચિ હોય તેને તે જ ગમે. બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે. 'કાલ કરીશ', 'કાલ કરીશ' એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણા જ કરવું છે. એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો ઉતરી જા. ક્યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલિજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતા વીતરાગ દશા ન પ્રગટી ! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મ-સ્વભાવમાં એક અણુ માત્ર વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજવલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિ સૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન - કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી જે નૌકામાં બેસી ગયો તે તરી ગયો.''

આ શ્લોકના પદ્યો આ પ્રમાણે છે

- 'રૂપ મને દેખાય જે, સમજે નહિ કંઈ વાત;
  સમજે તે દેખાય નહિ, બોલું કોની સાથ.'
- જે મને રૂપ દેખાય, તે તો જો ન સર્વથા;
  જાણે તે તો ન દેખાય, કોની સાથે કરું કથા.

**- પૂ. બ્રહ્મચારીજી**

- जो भी मुझे नयनगोचर हो रहा है,
  ना जानता वह कभी जड़ तो रहा है ।
  जो जानता वह न इन्द्रियगम्य आत्मा,
  बोले तदा किसलीये किस संग आत्मा ॥

**- આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ**

• • • **(ક્રમશઃ)**

# સદ્‌ગૃહસ્થની આચારસંહિતા

**(આદર્શ શ્રાવક/ વૈષ્ણવજનનો સદાચાર - એક અનુચિંતન**

**(ક્રમાંક - ૧)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

## પૂર્વભૂમિકા :

આ ભરતક્ષેત્રના આર્યખંડનું જે રત્નત્રયરૂપ પરમાત્મદર્શન (સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની એકતા) સર્વ દેવો-સુરેન્દ્રો અને અસુરેન્દ્રો દ્વારા પૂજ્ય છે તથા જે મોક્ષનું અદ્વિતીય કારણ છે, તેને મહાજ્ઞાનીઓ-મુનિઓ આ શરીરમાં રહીને જ ધારણ કરે છે. તે શરીર સદ્‌ગૃહસ્થો દ્વારા ભક્તિભાવથી આપેલ આહારદાન દ્વારા ટકે છે (વ્યવહારથી). તેથી સદ્‌ગૃહસ્થોનો ધર્મ પણ પ્રશંસવા યોગ્ય છે.

**- શ્રી પદ્મનંદિપંચવિંશતિ**

"મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે; એક આત્મજ્ઞાનીની અને એક આત્મજ્ઞાનીના આશ્રયવાનની, એમ શ્રી જિને કહ્યું છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર વ.પ.-૫૫૧**

ઉપરોક્ત પૂર્વભૂમિકાનો આધાર લઈ આપણે સદ્‌ગૃહસ્થની સામાન્ય આચારસંહિતા (સદાચાર)ની વિચારણા કરીશું, જે પ્રાથમિક ભૂમિકામાં આવશ્યક કહી છે.

**(આધાર 'સાગાર ધર્મામૃત' પં. આશાધરજી)**

**(૧) ન્યાયોપાર્જિત વૈભવ (ધન) :** પરમાર્થમાર્ગમાં જેને ગમન કરવું છે તેના માટે નીતિયુક્ત વૈભવ પ્રથમ આવશ્યક કહ્યો છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પોતે જણાવે છે કે જ્યારે વવાણિયામાં પિતાજીની દુકાને બેસતા ત્યારે ન્યાયપૂર્વક વ્યાપાર કરતા હતા. તેમના શબ્દોમાં "કોઈને ઓછો અધિકો ભાવ કહ્યો નથી, કે કોઈને મેં ઓછું અધિકું તોળી દીધું નથી."

**(પત્રાંક - ૮૯)**

તેનું કારણ...

જેવું ધન તેવું અન્ન, જેવું અન્ન તેવું મન, જેવું મન તેવું વર્તન, જેવું વર્તન તેવું જીવન, જેવું જીવન તેવું મરણ.

ન્યાયસંપન્ન ધન કમાવાનો અર્થ છે - કોઈનો દ્રોહ, વિશ્વાસઘાત, ઠગાઈ, ચોરી આદિથી રહિત ન્યાયપૂર્વક વ્યાપાર અથવા નોકરી દ્વારા જે ધન પ્રાપ્ત કર્યું હોય તે. ન્યાયયુક્ત ધન પ્રાપ્ત કરવાથી કુટુંબમાં પણ સુખ-શાંતિ રહે છે. આવા સદ્‌ગૃહસ્થોનું જીવન પવિત્ર હોય છે. તેઓનું જીવન નીતિમય હોવાને કારણે તેમને કોઈનો ભય નથી હોતો.

આપણી પાસે શું છે ? પૈસો, ધન કે લક્ષ્મી ?

**પૈસો :** ખૂબ પાપ કરીને આવે અને ભોગમાં વેડફાઈ જાય છે. કર્મબંધન દ્વારા ચાર ગતિમાં રખડાવે છે.

**ધન :** તેની પ્રાપ્તિમાં સંતોષ તથા સરળતા હોવાથી નવું કર્મબંધન ઓછું થાય છે.

**લક્ષ્મી :** બહુ પુણ્યથી મળે છે અને તેનો ઉપયોગ મુખ્યત્વે દાનમાં થાય છે. લક્ષ્મી દ્વારા મનુષ્યની બુદ્ધિ - સદ્‌બુદ્ધિ થાય છે; જે દ્વારા એ સદ્‌ગુરુનો આશ્રય કરી મોક્ષમાર્ગમાં ગમન કરે છે.

**(૨) ગુરુ તથા ગુણીજનોનો વિનય-આદરભાવ :** જેમનામાં સજ્જનતા, ઉદારતા, દાનવીરતા, કૃતજ્ઞતા, ઉત્કૃષ્ટ વક્તાપણું, ગંભીરતા, શીલવાનપણું આદિ હોય એવા ગુણીજનોનું

બહુમાન-વિનય-પ્રશંસા કરવાં અને ગુરુજનો પ્રત્યે વિશેષ આદર-વિનય અને સેવા-સુશ્રૂષા કરવાં. તે ઉપરાંત પોતાના માતા-પિતા તથા વડીલોનો વિનય કરવો તે સદ્‌ગૃહસ્થનું લક્ષણ છે.

**(૩) હિત-મિત-પ્રિય અને સત્યવાણી :** સજ્જન મનુષ્યો હંમેશાં મધુરવાણી બોલે છે. કોઈના દોષ થયા હોય તો તેને પ્રેમપૂર્વક સમજાવીને દોષ કાઢવા પ્રેરણા કરે છે. કોઈની હાંસી - નિંદા કરતા નથી. કોઈનો પણ અંતરથી તિરસ્કાર કરતા નથી.

**(૪) પુરુષાર્થનો સમન્વય :** મનુષ્યજીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ કહ્યાં છે. સદ્‌ગૃહસ્થો ધર્મ, અર્થ અને કામનો સમન્વય કરે છે તથા યથાશક્તિ ધર્મ આરાધન કરી મોક્ષની અભિલાષા રાખે છે.

**(૫) દાનવીરતા :** સદ્‌ગૃહસ્થે પોતાની આવકનો ૫, ૧૦ કે ૨૫ ટકા ભાગ પોતાની શક્તિ અનુસાર સત્કાર્યોમાં વાપરવો જોઈએ.

(૬) યોગ્ય કુળમાં લગ્નસંબંધ તથા પતિ-પત્નીનો ધર્મપૂર્ણ વ્યવહાર કે જેથી સંતાનોમાં સુસંસ્કારનું સિંચન થાય, અને કુટુંબમાં પણ સુખ-શાંતિ-સંપ સમાધાનનું વાતાવરણ બન્યું રહે.

**(૭) યુક્ત આહાર-વિહાર :** સદ્‌ગૃહસ્થો યોગ્ય આહાર-વિહાર કરે છે. આહારમાં ભક્ષ્ય-અભક્ષ્યનો વિવેક રાખે છે. ગમનાગમન પણ વિવેકપૂર્વક કરે છે. કોઈ અયોગ્ય સ્થાને જતા નથી.

**(૮) સત્સંગનો અભિલાષી :** સજ્જન સદાચારી ગૃહસ્થો હંમેશાં ગુણિયલજનો તથા સંતોના સમાગમમાં રહેવાનો પ્રયત્ન કરે છે, જેથી તેમનું જીવન જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યયુક્ત બને છે.

**(૯) પ્રજ્ઞાવંત :** સદ્‌ગૃહસ્થો હંમેશાં પોતાની બુદ્ધિને સુવિચારમાં જોડે છે અને વિવેકયુક્ત થઈ પોતાના માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય છે એમ નિર્ણય કરી પોતાને યોગ્ય જ કાર્ય કરે છે.

**(૧૦) કૃતજ્ઞતા :** સદ્‌ગૃહસ્થો પોતાના ઉપર થયેલા ઉપકાર કદી ભૂલતા નથી અને જીવનભર તે ઉપકારનો બદલો વાળવા તત્પર રહે છે. કૃતજ્ઞતા સજ્જનનો એક મુખ્ય ગુણ કહ્યો છે.

**(૧૧) જિતેન્દ્રિય (વશી) :** સદાચારી ગૃહસ્થો પોતાની ઈન્દ્રિયોને બહેકાવતા નથી. તેમને નિરંતર સંયમમાં રાખે છે. તેઓ તત્ત્વજ્ઞાન દ્વારા મનને પણ વશ કરી રાખે છે.

**(૧૨) ધર્મકથા શ્રવણ :** સદ્‌ગૃહસ્થો પોતાના આત્મહિત - આત્મકલ્યાણના અભિલાષી હોય છે. તેથી જ્યાં ધર્મકથા, સત્સંગ થતા હોય ત્યાં જવા ઉત્સુક હોય છે. સાચા શ્રોતા બની ધર્મકથાનું શ્રવણ કરે છે.

**(૧૩) દયાળુ :** સદ્‌ગૃહસ્થો કોમળ હૃદયના હોય છે તેથી તેમનામાં દયા-અનુકંપાનો ભાવ સહજ હોય છે. તેઓ સમજે છે કે -

'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટ મેં પ્રાણ.'

**(૧૪) સાત વ્યસનના ત્યાગી અને પાપભીરુ:**

"જુઆ, આમિષ, મદિરા, દારી,
આહેટક, ચોરી, પરનારી,
યે હી સપ્ત વ્યસન દુઃખદાયી,
દુરિત મૂલ દુર્ગતિ કે જાઈ."

**— શ્રી સમયસાર નાટક**

આ ઉપરાંત ગુણપાંત્રીસીમાં માર્ગાનુસારીના પાંત્રીસ (૩૫) ગુણ કહ્યાં છે. તેમાંના મુખ્ય ગુણો ઉપર આવી ગયા છે - વિશેષ નીચે પ્રમાણે કહ્યાં છે :

**(૧) મર્યાદા પ્રમાણે વેશ પરિધાન :** પોતાના કુળની, લોકની તથા ધનની મર્યાદા પ્રમાણે

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી નમિનાથ જિન સ્તવન

જૈનદર્શનમાં ષટ્દર્શન સમાયેલા છે એમ કહી યોગીશ્વર આનંદઘનજીએ જૈનદર્શનની સર્વોત્તમતા જિનેશ્વરના ઉત્તમ અંગ તરીકે સ્થાપિત કરી. તે સર્વોત્તમપણું તેના અનેકાંતિક તત્ત્વનિરૂપણને લીધે છે, જે માત્ર દાર્શનિક ચર્ચાનો વિષય નથી, પરંતુ સાધકને "જિનસ્વરૂપ થઈ જિન આરાધીને" જિનવર જેવા વીતરાગી થવા માટે છે, એમ આપણે આ સ્તવનની ગાથા-૭માં જોયું. એ જ રીતે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ ષટ્દર્શનના સારરૂપ 'છ પદના પત્ર'માં તેનું મુખ્ય પ્રયોજન દર્શાવતાં કહ્યું કે, *"એ છ પદનો વિવેક જીવને સ્વ સ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે."* ગાથા-૫માં આનંદઘનજીએ અક્ષરજ્ઞાન અર્થાત્ જિનવાણીની આરાધના કરવાની પ્રેરણા કરી. જિનેશ્વરની દિવ્યધ્વનિમાંથી નીકળેલ પરમ કલ્યાણકારી ઉપદેશ કઈ રીતે મહાપુરુષો દ્વારા રચાયેલ વિભિન્ન પ્રકારના શાસ્ત્રો દ્વારા આપણા સુધી પહોંચ્યો છે તે હવે આનંદઘનજી કહે છે :

**ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;**
**સમય પુરુષના અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવિ રે."**

**- ષટ્ દરિશણ૦ ૮**

**શબ્દાર્થ :** આગમ શાસ્ત્રનાં છ અંગ કહ્યા છે: ચૂર્ણી, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ અને ગુરુપરંપરાથી ચાલ્યો આવતો અનુભવ. જે આ આગમની અવગણના કરે કે તેનો ઉચ્છેદ કરે તે દુર્ભવી જીવ જાણવા. (ચૂર્ણી આદિના અર્થ નીચે ભાવાર્થમાં આપ્યા છે; સમયપુરુષ = આગમ, શાસ્ત્ર; અંગ = પ્રકાર, ભેદ; છેદે = ઉચ્છેદ કરે, વિરોધ કરે, આશાતના કરે; દુર્ભવી = અસંખ્યાત ભવો સુધી સંસારમાં રખડનાર જીવ.)

**ભાવાર્થ :** ભગવાનની દિવ્યધ્વનિ ગણધર ભગવંતોએ ઝીલી અને ત્યારબાદ કઈ રીતે વિવિધ પ્રકારના શાસ્ત્રો દ્વારા આપણા સુધી પહોંચી તેનો ઉલ્લેખ અહી કર્યો છે. મહાવીર પ્રભુના મુખકમળમાંથી નીકળેલ આ જ્ઞાનગંગાની સુંદર સ્તુતિ કરતાં કહ્યું છે કે

*વીર હિમાચલ તેં નીકસી,*
*ગુરુ ગૌતમકે મુખ કુંડ ધરી હૈ;*
*મોહ મહાચલ ભેદ ચલી,*
*જગ કી જડતા તપ દૂર કરી હૈ,*
*જ્ઞાન પયોનિધિમાંહી રલી,*
*બહુ ભંગ તરંગની સો ઉછરી હૈ;*
*તા શુચિ શારદ ગંગનદી પ્રતિ,*
*મૈં અંજુલિ કર શીશ ધરી હૈ.*

જેમ ષટ્દર્શનને આનંદઘનજીએ જિનેશ્વરના અંગરૂપે રજૂ કર્યાં, તેમ હવે જિનવાણી અર્થાત્ સમય પુરુષ અર્થાત્ આગમના છ અંગ, છ પ્રકાર હવે રજૂ કરે છે, જેનો ક્રમ આ પ્રમાણે છે. સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી, વૃત્તિ અને ગુરુપરંપરાનો અનુભવ. (આનંદઘનજીએ કાવ્યરચનાને અનુરૂપ તેનો ક્રમ જુદી રીતે મૂક્યો લાગે છે.) હવે આ દરેક વિશે ટૂંકમાં સમજીએ :

**(૧) સૂત્ર :** સૂત્ર એટલે શ્રુત અર્થાત્ સાંભળેલું જ્ઞાન. ગણધરોએ તીર્થંકરો પાસેથી સાંભળેલા

જ્ઞાનની દ્વાદશાંગમાં રચના કરી. તેમણે ભગવાનની વાણીને બાર અંગરૂપે સૂત્રબદ્ધ કરી તેથી તેને સૂત્ર કહેવાય છે. જો કે ભગવંતોએ તેનું કોઈ લખાણ નથી કર્યું હોતું. તેમને સંપૂર્ણ દ્વાદશાંગ હૃદયસ્થ હોય છે, એટલો તેમનો જ્ઞાનનો ક્ષયોપશમ જબરો હોય છે ! પાછળથી પ્રભુના બોધને પરંપરાથી મેળવી મહાપુરુષોએ મૌલિક રીતે નાના નાના સૂત્રોમાં અથવા ગાથાઓમાં ગ્રંથરચના કરી તેને પણ 'સૂત્ર' કહી શકાય. જેમ કે શ્રી ઉમાસ્વામી રચિત 'તત્ત્વાર્થસૂત્ર' અથવા શ્રી કુંદકુંદાચાર્ય રચિત 'સમયસાર'.

(૨) **નિર્યુક્તિ :** અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીએ દ્વાદશાંગના આ સૂત્રો ઉપર 'નિર્યુક્તિ'ની રચના કરી. નિર્યુક્તિ એટલે તે સૂત્રોના અક્ષરોને, સંધિ કે સમાસને છૂટા પાડીને અર્થ સમજાવવાની પદ્ધતિ. જેમ કે ઉપવાસ = ઉપ + વાસ = નજીક વસવું = આત્માની નજીક વસવું. એક વિદ્વાને નિર્યુક્તિનો અર્થ આ પ્રમાણે કહ્યો છે : જેના દ્વારા પ્રકૃતિ-પ્રત્યયનો આશ્રય લઈને શબ્દાર્થ ખોલવામાં આવે તેને નિર્યુક્તિ કહેવાય છે. જેમ કે - આચાર્ય શબ્દની નિર્યુક્તિ = आचारं ग्राह्यति । મુનિ શબ્દની નિર્યુક્તિ = मननात् मुनिः ।

(૩) **ભાષ્ય :** ભાષ્ય એટલે સૂત્ર કે નિર્યુક્તિનું વિસ્તારથી વિવેચન. તેમાં મૂળ વિષયના અનુસંધાનમાં તેને લગતો બીજો વિષય પણ વિવેચનકાર મૂકી શકે અને પોતાનો અભિપ્રાય પણ જોડી શકે છે. ઉદાહરણ 'પતંજલિ - પ્રણીત વ્યાકરણ મહાભાષ્ય.' ('શ્રી આત્મસિદ્ધિ'ને સૂત્રરૂપે ગણીએ તો તેના વિસ્તૃત વિવેચનોને ભાષ્ય કહી શકાય.)

(૪) **ચૂર્ણી :** ચૂર્ણી એટલે વિસ્તૃત વિવેચનનો સંક્ષેપ કરવો, સાર આપવો, Summarise કરવું, જેથી તે વધુ લોકભોગ્ય બને. તેમાં સંક્ષિપ્ત સરળ વ્યાખ્યાઓ હોય છે. ચૂર્ણીને ચૂર્ણિકા પણ કહે છે. "ભાષ્ય, નિર્યુક્તિ આદિના અર્થોના સ્પષ્ટીકરણ માટે બહુશ્રુત મહર્ષિઓએ રચેલ ગ્રંથો" - આવો પણ એક અર્થ ચૂર્ણીનો થાય છે. સૂત્રથી લઈને ચૂર્ણી સુધીના શાસ્ત્રો મુખ્યત્વે પ્રાકૃતમાં લખાયા હોય છે.

(૫) **વૃત્તિ :** વૃત્તિ એટલે ટીકા. સૂત્ર, નિર્યુક્તિ, ચૂર્ણી આદિ ઉપર સંસ્કૃતમાં જે વિસ્તૃત ટીકાઓ લખાઈ તેને વૃત્તિ કહે છે. જેમ કે 'સમયસાર' જે પ્રાકૃતમાં છે તેની સંસ્કૃત ટીકા તે 'આત્મખ્યાતિ' અને 'તાત્પર્યવૃત્તિ'. તત્વાર્થસૂત્રની ટીકા તે 'સર્વાર્થસિદ્ધિ'.

(૬) **પરંપર અનુભવ :** જિનવર પ્રરૂપિત શાસ્ત્રોના મર્મને પોતાના ગુરુ પાસેથી મેળવી સત્પુરુષોએ સ્વસંવેદનપૂર્વક જાત અનુભવથી આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ રીતે ગુરુ પરંપરાથી મળેલ અનુભવમાં પોતાનો મૌલિક અનુભવ ઉમેરીને તેમણે તે અનુભવજ્ઞાન પોતાના શિષ્યોને પ્રદાન કર્યું. આમ, આગમના સારરૂપ અનુભવજ્ઞાન પરંપરાએ સાધક જીવોને મળતું ગયું તે પણ 'સમય પુરુષ' અર્થાત્ આગમનું જ એક અંગ છે અને ખરેખર તો મુખ્ય અંગ છે, કારણ કે પ્રત્યક્ષ સદ્‌ગુરુ દ્વારા તે મળે છે.

આમ, ઉપરોક્ત આગમના જે અંગ કહ્યાં, જે પ્રકારો કહ્યાં તે પરમ પ્રેમે ઉપાસવા યોગ્ય છે, પણ જો કોઈ જીવ તેનો છેદ કરે અર્થાત્ વિરોધ કરે, ઉત્સૂત્ર પ્રરૂપણા કરી આશાતના કરે અથવા સ્વચ્છંદથી જ્ઞાની પુરુષના આશ્રય વગર પોતાની મતિકલ્પનાથી શાસ્ત્રોનો અર્થ કરવા જાય તો તેમાં સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રની આશાતનારૂપ અનંતાનુબંધી કર્મબંધ થતું હોવાથી તે જીવ દુર્ભવી થાય છે, અર્થાત્ દીર્ઘકાળ સુધી તેને સંસારપરિભ્રમણ કરવું પડે છે. તેથી આનંદઘનજી કહે છે કે તે આગમને "જે છેદે તે દુર્ભવી રે."

ઉપરોક્ત આગમ ગ્રંથોના પ્રકારોનો ગૃહસ્થધર્મની મર્યાદામાં કે જ્ઞાનના ક્ષયોપશમની અલ્પતામાં બહોળો અભ્યાસ ન થઈ શકતો હોય તેને નિરાશ થવાની જરૂર નથી. આ બાર અંગના સારરૂપ essence, માખણ તારવીને સત્પુરુષોએ આપણી ભાષામાં સંક્ષેપમાં જે બોધ કર્યો છે, તેને આજ્ઞારૂપ માની આરાધવાથી દ્વાદશાંગનો સાર આત્મામાં પરિણમે છે. દૃષ્ટાંતરૂપે શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૨૧૧માં પરમકૃપાળુદેવ સત્‌ની પ્રાપ્તિનો ઉપાય બતાવી આખરે કહે છે, *"આ જે વચનો લખ્યાં છે, .... એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષટ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે."*

ખરેખર તો જો સમ્યક્‌પણે ભક્તિમાર્ગનો આશ્રય લઈ પ્રભુ-સદ્‌ગુરુની આજ્ઞામાં પ્રવર્તીએ તો સર્વ આગમનો સાર હૃદયસ્થ થાય છે. યથા - *"પર પ્રેમ પ્રવાહ બઢેં પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં."*

આગમજ્ઞાનનું ચારિત્રમાં પરિણમન થાય તો જ મોક્ષમાર્ગમાં આગળ વધી શકાય. તેથી જ્ઞાન પછી 'ધ્યાન'ની સાધના ઘણી અગત્યની બની જાય છે. તેથી હવે આનંદઘનજી ધ્યાનના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ કરે છે :

**મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે;**
**જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે.**

**— ષટ્ દરિશણ૦ ૯**

**શબ્દાર્થ :** મુદ્રા, બીજ, ધારણા, અક્ષર ન્યાસ અને અર્થ વિનિયોગ - આ પ્રમાણે જે ધ્યાન (ની સાધના) કરે તે વંચના પામતો નથી અને અવંચક ક્રિયાનો ભોગી બને છે. (મુદ્રા = આસન આદિ શરીરની મુદ્રા; બીજ = ૐકાર આદિ બીજ મંત્ર; ધારણા = અમુક વસ્તુ ઉપર ચિત્તને એકાગ્ર કરવું; અક્ષર ન્યાસ = અ,આ,ઇ,ઈ આદિ અક્ષરમાં મનની સ્થાપના; અરથ વિનિયોગ = શબ્દના અર્થ સાથે જોડાણ; ધ્યાવે = ધ્યાન કરે; નવિ વંચીજે = છેતરાશે નહીં, નિષ્ફળ નહીં થાય; ક્રિયા અવંચક = મોક્ષરૂપી ફળ નિશ્ચિતપણે આપનારી ક્રિયાઓ; ભોગે = ભોગવટો કરે છે)

**ભાવાર્થ :** આનંદઘનજીએ ગાથા-૮માં શાસ્ત્રોના પ્રકારોનો ઉલ્લેખ કરી 'જ્ઞાન'ની ઉપયોગિતા બતાવી. હવે 'ધ્યાન' વિશે માર્ગદર્શન આપે છે. જ્ઞાનનું ફળ ધ્યાન હોવું જોઈએ અને ધ્યાનનું ફળ સમાધિ. આમ, આપણા સર્વોચ્ચ લક્ષ તે સમાધિ માટે જ્ઞાન અને ધ્યાનની સાધના અતિ મહત્ત્વની છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

*"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;*
*એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવ પાર."*

ધ્યાનની સાધના વિવિધ પ્રકારના બાહ્યાંતર અવલંબનથી થાય છે. ધ્યાનની પૂર્વ-ભૂમિકા અને તે અવલંબનોની વાત અહીં આનંદઘનજી કરે છે. તે અવલંબનો આ પ્રમાણે છે :

(૧) **મુદ્રા :** એટલે અમુક પ્રકારનું સ્થિર આસન, જેમાં જિનમુદ્રા અર્થાત્ પદ્માસન અથવા કાયોત્સર્ગ મુદ્રા મુખ્ય છે. તે ઉપરાંત સુખાસન, વજ્રાસન આદિ સ્થિર આસનમાં બેસીને ધ્યાન કરવું જોઈએ.

(૨) **બીજ :** અર્થાત્ ૐ, હ્રીં આદિ બીજમંત્રનું ભાવપૂર્વક લયબદ્ધ ઉચ્ચારણ અથવા મૌનપૂર્વક મનમાં તેના અંતરજાપ.

(૩) **ધારણા :** એટલે ધ્યાન કરવા લાયક કોઈ એક ઉત્તમ વસ્તુમાં ચિત્તને બાંધવું. અષ્ટાંગયોગમાં 'ધારણા'ને ધ્યાન પૂર્વે છઠ્ઠા અંગ તરીકે મૂક્યું છે. જેમ ગાય, ઘોડા આદિ પશુઓને ગમે ત્યાં ફરતા અટકાવવા માટે એક ખીલા સાથે બાંધવામાં આવે છે. તેમાં તેમનું ફરવું સર્વથા બંધ

થતું નથી, પણ એક ખીલાની આજુબાજુ તે ફર્યા કરે છે. એ જ રીતે આપણા ચપળ મનને એક ધ્યેયરૂપ ખીલા સાથે બાંધવામાં આવે છે. અહીં જો કે મન સર્વથા સ્થિર થતું નથી, છતાં અનેક સ્થળે ફરવારૂપ ચપળતા મૂકી દઈ એક ઉત્તમ વસ્તુમાં એકાગ્રતારૂપ ખીલા સાથે બંધાઈ જાય છે અને તેના મજબૂત અભ્યાસથી મન ત્યાં જ સ્થિર થઈ જાય છે. જે વસ્તુનું અવલંબન લીધું હોય ત્યાંથી જો મન અન્ય સ્થાનનું કે અન્ય અવલંબનનો આશ્રય કરે તો ધારણા તૂટી કહેવાય. અવલંબન માટે ભગવાનની પ્રતિમાના ચરણ, મુખારવિંદ, કપાળ, નેત્ર અથવા સદ્‌ગુરુના ચિત્રપટ ઉપર દૃષ્ટિનું ત્રાટક કરવું અથવા આંખો બંધ કરી પરમાત્મા કે સદ્‌ગુરુના સ્વરૂપની ધારણા અથવા બંધ કે અર્ધખુલ્લી આંખે પોતાના હૃદયસ્થાને કે નાભિમાં, ભ્રુકૂટિ કે નાસાગ્ર આદિમાં, પરંતુ **કોઈ એક જ વસ્તુ ઉપર** મનને સ્થિર કરવું તે ધારણા છે. અંતર્મુખતા કરી આત્મસ્થિરતા વધતી જાય તે ધારણાનો મુખ્ય હેતુ છે.

(૪) **અક્ષર ન્યાસ :** એટલે અક્ષરમાં મનનું સ્થાપન. નાભિની અંદર એક સુંદર સોળ પાંખડીનું કમળ ચિંતવીને તેની દરેક પાંખડી ઉપર અ, આ, ઇ, ઈ આદિ અક્ષરોનું સ્થાપન કરવું. આ પણ 'આગ્નેયી' ધારણાનો એક પ્રકાર છે, જેની વિશેષ સમજણ માટે જુઓ પુસ્તક 'ધ્યાનદીપિકા' - પૃષ્ઠ - ૩૧૧ (સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા પ્રકાશિત). 'પદસ્થ' ધ્યાન પણ આ અક્ષર ન્યાસનો જ એક પ્રકાર છે, જેમાં પાંત્રીશ અક્ષર (શ્રી નવકાર મંત્ર), પાંચ અક્ષર (અસિઆઉસા), 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' આદિ અક્ષરસમૂહથી બનેલ મંત્રનું ધ્યાન કરવામાં આવે છે.

(૫) **અરથ વિનિયોગ :** એટલે ધ્યેયના અર્થ સાથે મનને જોડવું. ખરેખર તો અર્થ ચિંતવન ધ્યાનનું પ્રબળ સાધન છે, કારણ કે તે આત્માના પરિણામોની નિર્મળતા કરવામાં સીધું કારણભૂત બને છે. પદસ્થ ધ્યાનમાં લીધેલા પદના અર્થનું ચિંતન, પરમાત્મા - સદ્‌ગુરુના ગુણોનું ચિંતન અથવા જ્ઞાનીપુરુષોએ લખેલા કોઈ શ્લોક કે ગાથાના અર્થનું ચિંતન તે 'અરથ વિનિયોગ' છે. પરમકૃપાળુદેવે 'તત્ત્વ સમજવું' એ શિક્ષાપાઠમાં અર્થ સમજવાનો ઘણો મહિમા કહ્યો છે.

અહીં યાદ રાખવું જરૂરી છે કે ધ્યાનની સાધના 'નિજ કલ્પના'થી નહીં, પરંતુ સદ્‌ગુરુના સત્સંગ અને માર્ગદર્શન નીચે કરવાથી સફળતા પામે છે, નહીં તો પરમકૃપાળુદેવ પત્રાંક - ૧૨૮માં કહે છે તેમ : *"સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે."* ઉપરોક્ત ધ્યાનના વિવિધ પ્રકારોમાંથી સદ્‌ગુરુની નિશ્રામાં જ્યારે પાત્રતા પ્રમાણે કોઈ પ્રકાર સાધક સેવે છે ત્યારે તે કદાપિ "નવિ વંચીજે" - વંચનાને પામતો નથી, અર્થાત્ મોક્ષમાર્ગમાં છેતરાતો નથી. રાગાદિક સાંસારિક પ્રપંચોમાં તેને ઠગાવાપણું રહેતું નથી, પરંતુ સતત સફળતાને પામી આગળ વધે છે. આવા સાધકની સર્વ ક્રિયાઓ ધ્યેયલક્ષી-આત્મલક્ષી હોવાથી 'અવંચક' હોય છે.

'ક્રિયા અવંચક' એટલે એવી ક્રિયાઓ જે ચોક્કસપણે સાધકને તેના ધ્યેય એવા મોક્ષ તરફ સફળતાપૂર્વક લઈ જાય છે. એવી અવંચક ક્રિયાથી મળતા મોક્ષરૂપી ફળનો, જ્ઞાનાનંદ સ્વરૂપનો તે સાધક ભોગી બને છે. ('ક્રિયા અવંચક'ની વિશેષ સમજણ માટે જુઓ શ્રી આનંદઘનજી કૃત શ્રી ચંદ્રપ્રભુ સ્તવન - ગાથા - ૬નું વિવેચન.)

હવે અંતિમ બે ગાથાઓમાં આનંદઘનજી તેમણે બતાવેલ જ્ઞાન-ધ્યાનની સાધનામાં સદ્‌ગુરુના સાન્નિધ્યનું માહાત્મ્ય અને તેમની અનુપસ્થિતિમાં પરમાત્માના ચરણ-શરણની પ્રેરણા કરશે, જે આપણે આગામી અંકમાં વિચારીશું. **(ક્રમશઃ)**

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર

(ક્રમાંક - ૯)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## પ્રભુના લોકોત્તર ગુણો

● **મૂળ શ્લોક : ગાથા - ૧૫** (વસંતતિલકા)


**चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभिर्**
**नीतं मनागपि मनो न विकारमार्गम् ।**
**कल्पान्तकालमरुता चलिताचलेन,**
**किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥१५॥**

● **શબ્દાર્થ :** चित्रं – આશ્ચર્ય, किम् – શું, કેમ, अत्र – એમાં, यदि – જો, જે, ते – તમારું, त्रिदशांगनाभिः – દેવાંગનાઓ વડે, नीतं – દોરવાયું હોય, લઈ જવાયું હોય, मनाक् – જરા, લેશ, अपि – પણ, मनः – મન, न – નહીં, विकारमार्गम् – વિકારમાર્ગમાં, વિકારમાં, कल्पान्तकाल – પ્રલયકાળના, मरुता – પવન વડે, चलित – ચલિત કરનારા, अचलेन – પહાડોને, मंदराद्रिशिखरं – મેરુ પર્વતનું શિખર, चलितम् – ચલિત થયું છે ખરું (?), कदाचित् – કોઈ પણ વખત, ક્યારેય પણ.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

ઈંદ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તોયે થાતા કદી નહિ અહા ! આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહીધરો કલ્પના વાયરાથી,
ડોલે તો યે કદી નવ અહા ! મેરુ એ વાયરાથી.(૧૫)

● **ભાવાર્થ :** (હે નિર્વિકારી પ્રભુ !) દેવાંગનાઓ પણ તમારા મનને જરા પણ વિકારમય બનાવી ન શકી તેમાં આશ્ચર્ય શું છે ? (કારણ કે) બીજા બધા પર્વતોને ચલાયમાન કરનાર પ્રલયકાળનો પ્રચંડ પવન પણ શું કદાપિ મેરુ પર્વતના શિખરને કંપાવી



શકે છે ખરો ? (નહિ જ. વસ્તુતઃ આપ તો મેરુ પર્વત સમાન અડોલ/ અચલ છો અને કામદેવ પર વિજય મેળવ્યો છે.)

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્લોક-૧૪માં પ્રભુના ગુણ સમુચ્ચયનો મહિમા ગાયા પછી હવે માનતુંગાચાર્ય વીતરાગ માર્ગના વિશિષ્ટ ગુણોનો ઉલ્લેખ કરીને સાધકને માટે અત્યંત આવશ્યક એવા 'બ્રહ્મચર્ય' ગુણનો મહિમા તીર્થંકર પ્રભુના દૃષ્ટાંતે રજૂ કરે છે. પ્રભુના વિશિષ્ટ એવા અવિચળપણા (નિર્વિકારપણા)ના ગુણનું સોદાહરણ વર્ણન કરીને પ્રભુનું અનન્યપણું તાદૃશ કરે છે.

સામાન્ય (સંસારી, અજ્ઞાની) જીવોમાં ચળવિચળપણું અને વિકારી ભાવો હોય છે. ઈષ્ટ (અનુકૂળ, સુંદર) વસ્તુ (પદાર્થ, પરિસ્થિતિ કે વ્યક્તિ) જોતા હર્ષ અને તેને પ્રાપ્ત કરવાની / ભોગવવાની વૃત્તિ થાય છે. તે જ રીતે, અનિષ્ટ (પ્રતિકૂળ, કુરૂપ) વસ્તુથી ઘૃણા/ દ્વેષ થઈને તેનાથી નિવૃત્ત થવાનો ભાવ કરે છે. સંસારી જીવો નિમિત્તાધીન થઈને વર્તે છે. પરમકૃપાળુદેવે પત્રાંક-૬૩૬માં નિમિત્તાધીનપણું અને તેનો સરળ વ્યવહારુ ઉપાય દર્શાવેલ છે.

પરંતુ આદિનાથ પ્રભુની તો વાત જ જુદી છે. અતિસ્વરૂપવાન ઈંદ્રાણીઓ અને સ્વર્ગની અપ્સરાઓના લટકા-મટકા અને હાવ-ભાવથી ભલભલા પણ લલચાઈ જાય / લપસી પડે છતાં તેવા નિમિત્તોથી પ્રભુના નેત્ર-અંગ-મન કે આત્મામાં વિકારભાવનો અનંતાંશ પણ પ્રગટતો નથી. પોતાના આત્મસુખ પાસે આ સર્વ અનિત્ય, અશરણ, અસાર અને તુચ્છ લાગે છે. ‘આત્માથી સૌ હીન’ અનુભવતા હોવાથી ઈંદ્રાણીઓ અને સર્વ ભોગ-ઉપભોગ-પરિગ્રહની સામગ્રી તેમને લેશ પણ વિચલિત કરી શકતી નથી. તેમના આ અવિચલિતપણાને બિરદાવવા આચાર્યશ્રીએ પ્રભુને મેરુ પર્વત સાથે સરખાવ્યા છે.

જંબુદ્વીપના મધ્યમાં આવેલ ૧ લાખ યોજન પ્રમાણ મેરુ પર્વત (મંદારગિરિ) શાશ્વતો છે અને ત્યાં તીર્થંકરોના જન્મ કલ્યાણક દેવો ઉજવે છે. આ પર્વત આજે જેવો સ્થિર છે અને જે સ્થાને છે તેવો જ સ્થિર અને તે જ સ્થાને અનાદિકાળથી છે અને અનંતકાળ રહેશે. અવસર્પિણી અને ઉત્સર્પિણીના અનંત કાળચક્રો ચાલ્યા ગયા અને હજુ પણ અનંત કાળચક્રો ચાલ્યા જશે અને તે દરમ્યાન અનેક વસ્તુમાં અનેક ફેરફાર થઈ ગયા તેમ જ થશે. માત્ર એક મેરુ પર્વત જ એવો અડોલ છે કે જેમાં કોઈ ફેરફારને અવકાશ નથી. ચક્રપરિવર્તન (કલ્પનો અંત) સમયે ભયંકર તોફાનો થાય છે. હિમાલય જેવા મોટા મોટા પર્વતોને હચમચાવી ઉખેડી ફેંકી દઈને જમીનદોસ્ત કરે, દરિયામાંથી પર્વત પ્રગટાવે, સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ કરી નાખે, એવો પ્રલયકાળનો ઝંઝાવાતી પવન પણ મેરુ પર્વતને ડગાવવા કે ચલિત કરવા સમર્થ નથી. અન્ય સર્વના સર્જન-વિનાશ કરતો એ પવન મેરુપર્વતને કાંઈ પણ કરી શકતો નથી અને એથી જ મેરુ પર્વતનું અડોલપણું, સદા ઉત્તરદિશાને દર્શાવતા ધ્રુવના તારાની જેમ, ખૂબ બિરદાવાયેલું છે. પ્રભુના અવિચળપણા (નિર્વિકારતા)ને મેરુ પર્વતના અવિચળપણા સાથે સરખાવેલ છે. ઈંદ્રાણીઓ અને અપ્સરાઓના હાવભાવ અને ભોગસામગ્રી/સાધનો પ્રલયકાળના પવનની જેમ બધાને ચળાવી દેવા સમર્થ છે - માત્ર આદિનાથ ભગવાન પાસે તેમના બધા સાધનો બુઠ્ઠા અને નકામા બની જાય છે. એથી જ પ્રભુને મેરુ જેવા અચળ અને અકંપ કહ્યા છે. (બાલપ્રભુ વિશે ઈંદ્ર મહારાજાને થયેલ વિકલ્પ શમાવવા, અનંત શક્તિના ધારક મહાવીર પ્રભુએ જન્માભિષેક વખતે પગના અંગૂઠાથી મેરુ પર્વતને ધ્રુજાવેલ તે જુદી વાત છે. એને અપેક્ષાથી સમજવી.)

માનતુંગસૂરિ કહે છે કે હે ભગવંત ! તમે ખરેખર નિર્વિકારી છો. તમને વંદન કરવા માટે તથા કલ્યાણકારી પ્રસંગોએ ઉલ્લાસ વ્યક્ત કરવા માટે દેવોની સાથે અનેક દેવીઓ-દેવાંગનાઓ પણ તમારી સમક્ષ આવે છે અને વિવિધ પ્રકારના અંગોપાંગ અને અંગમરોડથી નૃત્ય કરે છે, છતાં તમારું મન જરાયે વિકાર પામતું નથી. અહીં સ્તોત્રકાર સૂરિજીનો ભાવ એવો છે કે તેમણે અન્ય લૌકિક દેવોની વાત જાણી છે અને તેઓ દેવાંગનાઓના હાવભાવથી કેવા ચલિત થઈ ગયા એનો વિચાર કરતા પ્રભુની ખરી મહાનતા સમજાય છે અને મસ્તક પ્રભુના ચરણમાં ઝૂકી પડે છે.

વિશેષમાં તેઓ કહે છે કે હે પ્રભુ ! તમારા

જેવા યોગસિદ્ધ મહાપુરુષ કે જેમણે મનને પૂરેપૂરું વશ કર્યું છે, તે ગમે તેવા પ્રલોભનોથી ચલિત થાય જ કેમ ? ગમે તેવા પ્રલોભનકારી પ્રસંગો આવવા છતાં હે પ્રભો ! તમારું મન જરાયે મોહિત થતું નથી. તાત્પર્ય કે તમે મેરુ પર્વત જેવા અડોલ અને ધીર-વીર-ગંભીર છો તથા અનુકૂળ પરિષહો સહન કરવામાં મહાવીર છો. 'મેરુ તો ડગે પણ જેના મન ના ડગે' એ ગંગાસતીના પદને પૂ. શ્રી આત્માનંદજી તેમના સ્વાધ્યાયમાં અવારનવાર યાદ કરે છે. એવા ધીર ગંભીર પરમાત્માને આ વિશ્વમાં ભલા કોણ ચલાયમાન કરી શકે ! દેવાંગનાઓની શું હેસિયત છે કે તેઓ પ્રભુના હૃદયમાં એક અંશ પણ વિકાર જન્માવી શકે ? એ બધા નિમિત્ત તો પ્રભુના જ્ઞાનમાં માત્ર જ્ઞેય છે કે જેનાથી પ્રભુ અપ્રભાવિત રહે છે. ઋષભદેવની રાજસભામાં સ્વર્ગની દેવીઓ ભક્તિથી નૃત્ય કરતી હતી તે દેવાંગનાઓથી તેઓ મોહિત તો ન થયા પરંતુ નિલાંજનાદેવીના મૃત્યુ દ્વારા સંયોગની ક્ષણભંગુરતા અને સંસારની અસારતા ચિંતવીને તેને વૈરાગ્ય પ્રસંગ બનાવીને તેઓ સંસારથી વિરક્ત થયા.

ભગવાનની ભક્તિ કરનાર માટે પણ આ વચનો બોધકારી છે. જેઓ લાવણ્યમયી લલનાના લટકા-મટકાથી ક્ષણવારમાં ચલિત થઈ જાય છે તે ભગવાનની ભક્તિ કેવી રીતે કરી શકવાના ? તેમણે પોતાનું મન નિર્મળ બનાવવા માટે વીતરાગતા તરફ લક્ષ આપવાની જરૂર છે. જ્યાં વિષયનું પૂર વહેતું હોય, ત્યાં ભગવાનની ભક્તિમાં ચિત્ત ચોંટતું નથી. એ ભક્તિ માત્ર બાહ્યવ્યવહાર બની રહે છે અને તેનું ફળ નહિવત્ છે અને ક્યારેક તો તીવ્ર પાપ પણ બાંધે છે. જ્યાં સુધી વેદ એટલે જાતીય વાસનાનું શમન થયું નથી, ત્યાં સુધી આવા નિમિત્તો પોતાનું કામ કરી જાય છે અને વર્ષોની સાધના-આરાધના ક્ષણવારમાં નાશ પામે છે.

તીર્થંકરો અને વીતરાગમાર્ગના સાધકો એકનિષ્ઠ બ્રહ્મચર્ય વ્રતની આરાધના કરીને જ પોતાના આત્મસ્વરૂપને પ્રગટાવે છે. તેથી જ સાધુ-સાધ્વીજીના પંચ મહાવ્રતમાં ચોથા બ્રહ્મચર્ય વ્રતને સૂત્ર સિદ્ધાંતમાં સૌથી વિશેષ મહત્ત્વનું કહ્યું છે અને તે વ્રતના ભંગ માટે પતન સિવાય કોઈ પ્રાયશ્ચિત્ત નથી (જ્યારે બાકીના ૪ વ્રતોના ભંગ માટે ભગવાને પ્રાયશ્ચિત્ત આપેલ છે).

દ્વાદશાંગીના દસમા અંગ - પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં બ્રહ્મચર્ય વ્રતનું મહત્ત્વ બતાવતા સૂત્રકાર કહે છે કે બ્રહ્મચર્ય **'ઉત્તમતવનિયમનાણદંસણ-ચરિત્તવિનય મૂલમ્'** છે. અર્થાત્ ઉત્તમ તપ, અભિગ્રહાદિ નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વિનયનું મૂળ બ્રહ્મચર્ય છે. નિશ્ચયથી બધા વ્રતમાં અહિંસા વ્રત મુખ્ય છે. વ્યવહારથી વ્રતોમાં સૌથી મોટું અને દુષ્કર વ્રત બ્રહ્મચર્ય છે. એક બ્રહ્મચર્ય વ્રતની સાધનાથી સર્વ ગુણો આરાધિત થઈ જાય છે અને તેનો ભંગ થતા સમસ્ત ગુણો નાશ પામે છે.

પાંચેય આસ્રવ દુર્ગતિના આપનારા છે. તેમાંય મૈથુનના સેવનને તો **'દંસણચરિત મોહરસ્સ હેઉભૂયં'** કહ્યું છે. અર્થાત્ મૈથુનને દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયરૂપી કર્મબંધનના કારણરૂપ કહ્યું. આઠેય કર્મોમાં આ કર્મબંધની સ્થિતિ લાંબામાં લાંબી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની કહી છે. તે અબ્રહ્મ, જિનવચનમાં શંકા, કાંક્ષા આદિ દોષોનું કારણ છે. તેથી પરમપદની અભિલાષા રાખનાર સાધક માટે બ્રહ્મચર્ય અનિવાર્ય મનાયું છે. પ્રથમ અંગ - આચારાંગ સૂત્રના ૮મા અધ્યાયના ચોથા ઉદ્દેશામાં પણ આ જ પ્રમાણે બ્રહ્મચર્ય વ્રતનું મહત્ત્વ બતાવ્યું છે.

આવા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવામાં તીર્થંકરો મેરુ પર્વત સમાન નિશ્ચય હોય છે તેમ કહીને અહીં તીર્થંકર ભગવંતો અને બ્રહ્મચર્ય વ્રત એમ બંનેનું માહાત્મ્ય પરમાર્થથી બતાવ્યું છે. વિજય શેઠ અને વિજ્યા શેઠાણીનું અદ્ભુત બ્રહ્મચર્ય પાલન,

સુદર્શન શેઠની મરણાંત દઢતા, વિશ્વામિત્ર ઋષિનો મેનકા અપ્સરા દ્વારા તપોભંગ, કોશાની ચિત્રશાળામાં ચાતુર્માસ રહેલા મુનિ સ્થૂલિભદ્રજી (કે જેમને ગુરુજી 'કામ વિજેતા' કહીને ભેટી પડેલ)નું અદ્વિતીય બ્રહ્મચર્ય વ્રતપાલન વગેરેનું સ્મરણ સાધકને બ્રહ્મચર્ય વ્રતની આરાધનામાં બળ અને પ્રેરણા આપે છે.

પૂ. શ્રી રાકેશભાઈ કહે છે કે અનાદિકાળથી જીવોને સંસારમાં રખડાવનાર ૪ સંજ્ઞા (ભવોભવના કુસંસ્કારો) આહાર-ભય-મૈથુન-પરિગ્રહ પ્રભુને નથી કે જેના પરિણામે અનુક્રમે તેમનું મુખ તેજસ્વી, આત્મામાં પરમ શાંતિ, નિર્વિકારી વીતરાગતા અને અપરિગ્રહી ત્રણ લોકના નાથ બનેલ છે.

પ્રભુના અવિચળ ગુણને સંભારીને પ્રતિકૂળ (રાજકેદી તરીકે બેડીઓના બંધનમાં) પરિસ્થિતિમાં પણ નિષ્કંપ (નિરાકુળ) રહેવાનો આચાર્યશ્રીનો પુરુષાર્થ સ્તુત્ય છે. આદિનાથ ભગવાનના પરમ ભક્ત શ્રી માનતુંગાચાર્યનો અવ્યક્ત ભાવ એવો છે કે હે પ્રભુ ! તમે આવા નિષ્કંપ તથા અડોલ, અને તમારા શરણમાં રહેનારો હું કંપિત બનું કે ચલિત થાઉં તો મેં આપનું શરણું લીધું તે વગોવાય જ ને ! ભક્ત તેની ભાવવિભોર કાલીઘેલી ભાષામાં પ્રભુને 'ચેલેંજ' આપીને પોતાનું લક્ષ સાધી લે છે !

જુઓ, આ ભક્તામર- સ્તોત્રના ભાવોનું રહસ્ય ! ભક્તિવંત દેવો પણ દેવલોકના વૈભવને તુચ્છ ગણીને સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરે છે (ભક્તામર પ્રણત.... સમ્યક્ પ્રણમ્ય જિનપાદ યુગમ્ .... આલંબનં ભવજલે), ને તેમાં વીતરાગતાની જ ભાવના ભાવે છે. સ્તોત્રના આવા ભાવો નહીં સમજનારા જીવો દીન થઈને પૈસા-નીરોગતા વગેરે લૌકિક આશાથી ભક્તામર સ્તોત્ર બોલે છે તેમને ભગવાનની ખરી સ્તુતિનો ભાવ નથી. વીતરાગતાની ભાવના સહિત ભગવાનની ભક્તિ કરનારને બે-ચાર ભવો બાકી હોય, દીનતાવાળા ન હોય અને અનુક્રમે મોક્ષપદને સાધે છે. આ છે પરમાત્માની પરમાર્થ ભક્તિનું ફળ !

સર્વ જીવો ગુણગ્રાહી બનીને પ્રભુના ગુણો ઓળખી - સમજીને, પરમાર્થ સ્તુતિથી શીઘ્ર પરમપદ પામે તેવી મંગલ ભાવના સાથે શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

---

**સમ્યક્જ્ઞાન**

**(પાના નં. ૨૮ પરથી ચાલુ...)**

**[૧] અર્થાવગ્રહ :-**

પ્રાપ્ત-સ્પૃષ્ટ અને અપ્રાપ્ય - અપૃષ્ટ બંન્ને પ્રકારે અથવા વ્યક્ત તથા અવ્યક્ત બંન્ને પ્રકારના પદાર્થને જાણવા તેને અર્થાવગ્રહ કહેવાય છે.

**[૨] વ્યંજનાવગ્રહ :-**

માત્ર વ્યક્ત અને પ્રાપ્ય - સ્પૃષ્ટ પદાર્થને જાણવા તેને વ્યંજનાવગ્રહ કહેવાય છે. સ્પર્શન, રસના, ઘ્રાણ તથા શ્રોત્ર આ ચાર ઈન્દ્રિયો તો માત્ર વ્યક્ત અને પ્રાપ્ય - સ્પૃષ્ટ પદાર્થને જ જાણી શકે છે, પરંતુ દર્શનેન્દ્રિય તથા મન અવ્યક્ત - વ્યક્ત, પ્રાપ્ય, અપ્રાપ્ય, સ્પૃષ્ટ, અસ્પૃષ્ટ બધા પ્રકારે પદાર્થને જાણી શકે છે. તેથી વ્યંજનાગ્રહ આંખ તથા મનથી નથી થતું. બાકીની ચાર ઈન્દ્રિયોથી જ થાય છે. તેથી તેના ૪૮ ભેદ છે. બાકીના ૭૨ ભેદ છે. આ રીતે મતિજ્ઞાનના ૩૩૬ ભેદ થયા.

મતિજ્ઞાનના અંતર્ગત ચાર પ્રકારની વિશિષ્ટ બુદ્ધિઓની પણ ગણના થાય છે. આ વિશિષ્ટ બુદ્ધિઓની વિશેષતા એ છે કે અદૃષ્ટ (દેખ્યા વગરના) અને અનનુભૂત (અનુભવ કર્યા વગરના) પદાર્થને પણ તે જાણી લે છે. બીજી વિશેષતા એ છે કે આ બુદ્ધિઓ શાસ્ત્રાભ્યાસ કે વિદ્યાભ્યાસથી પ્રાપ્ત થતી નથી. પ્રસંગવશ આ બુદ્ધિઓની પણ આપણે સામાન્ય જાણકારી કરી લઈશું. **(ક્રમશઃ)**

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

**જ્ઞાનની અવસ્થાઓ (ભેદ) :-**

હવે, પર્યાયની અપેક્ષાથી જ્ઞાનના વિભિન્ન રૂપોનું સ્વરૂપ જાણીશું. જ્ઞાનના ભેદ જ્ઞાનાવરણીય કર્મોના ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમના આધારે નિર્ધારિત કરાયા છે. વસ્તુતઃ આ બધી પર્યાયોમાં જ્ઞાન સ્વભાવ તો બદલાતો નથી. પરંતુ જ્ઞાનનું સામર્થ્ય, જ્ઞાનમાં વિશુદ્ધિ આદિમાં અંતર પડે છે. આ અંતરના આધાર પર જ્ઞાનના નિમ્નલિખિત ભેદ કરાયા છે :-

**[૧] મતિજ્ઞાન :-**

મતિજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ઈન્દ્રિય તથા ઈન્દ્રિય વિષયના પરસ્પર સન્નિકર્ષ અથવા સન્નિકર્ષ વિના જ જે જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે તેને મતિજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન પદાર્થને સામાન્યરૂપથી જાણે છે. આ જ્ઞાન ચાર અવસ્થાઓમાં પૂર્ણ થાય છે :-

**[i] અવગ્રહ :-**

વિષય અને વિષયીનો પ્રથમ સન્નિકર્ષ થતાં જ્યારે પદાર્થનું 'આ કંઈક છે', આ પ્રકારનું અસ્પષ્ટ જ્ઞાન હોય છે તે અવગ્રહ અવસ્થા છે.

**[ii] ઈહા :-**

અવગ્રહ પછી ઉક્ત પદાર્થનું જ્યારે આંશિક નિર્ણયાત્મક જ્ઞાન થાય છે. જેમ કે આ કાગડો છે કે હોવો જોઈએ. આ અવસ્થાને ઈહા કહે છે.

**[iii] અવાય :-**

ઈહાજ્ઞાન પછી જ્યારે ઉક્ત પદાર્થનું પૂર્ણ નિર્ણયાત્મક જ્ઞાન થઈ જાય છે જેમ કે "આ કાગડો જ છે" આ અવસ્થાને અવાય કહે છે.

**[iv] ધારણા :-**

અવાયથી નિર્ણીત પદાર્થના જ્ઞાનને ભવિષ્યમાં સ્મૃતિના રૂપમાં સંચિત રાખવું ધારણા અવસ્થા કહેવાય છે. અહીં મતિજ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત થાય છે.

મતિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે (૧) સાંવ્યવહારિક - પ્રત્યક્ષ તથા (૨) પરોક્ષ મતિજ્ઞાન

**[i] સાંવ્યવહારિક પ્રત્યક્ષ :-**

ઈન્દ્રિય તથા જ્ઞેય પદાર્થના પ્રત્યક્ષ પરસ્પર સન્નિકર્ષથી જે જ્ઞાન થાય છે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ મતિજ્ઞાન કહે છે. જો કે પરમાર્થ દૃષ્ટિથી તો આ જ્ઞાન પરોક્ષ જ છે કારણ કે આ ઈન્દ્રિયો તથા મનના માધ્યમથી થાય છે તથા આમાં પદાર્થના એકદેશનું જ જ્ઞાન થાય છે. પરંતુ, વ્યવહારથી ઈન્દ્રિય પ્રત્યક્ષ હોવાથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ નામ આપ્યું છે. જેમ કે આંખ દ્વારા વસ્તુને જોવી, કાન દ્વારા શબ્દ સાંભળવા ઈત્યાદિ જગતના જીવોને પ્રત્યક્ષ જ પ્રતિભાસિત થાય છે તેથી તેને વ્યવહારનયથી સાંવ્યવહારિક પ્રત્યક્ષમતિજ્ઞાન કહેવાય છે.

**[ii] પરોક્ષ મતિજ્ઞાન :-**

જેમાં ઈન્દ્રિય તથા જ્ઞેય પદાર્થનું પ્રત્યક્ષ સન્નિકર્ષ ન હોવા છતાં પણ જે પદાર્થ સંબંધી જ્ઞાન થાય છે તેને પરોક્ષ મતિજ્ઞાન કહે છે. જેમ કે જાતિસ્મરણજ્ઞાન ઈત્યાદિ.

**-: પરોક્ષમતિજ્ઞાનના પાંચ ભેદ :-**

**[i] સ્મરણ :-**

પૂર્વમાં જે પદાર્થનો અનુભવ કર્યો હોય તેની સ્મૃતિ થવી સ્મરણજ્ઞાન કહેવાય છે.

**[ii] પ્રત્યભિજ્ઞાન :-**

પૂર્વમાં દેખેલા પદાર્થને જ્યારે વર્તમાનમાં ફરી દેખે છે ત્યારે પૂર્વ અવસ્થા તથા વર્તમાન અવસ્થાનું જે તુલનાત્મક જ્ઞાન થાય છે તેને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમ કે મારા મિત્રને જ્યારે ૧૦ વર્ષ પહેલા દેખ્યો હતો ત્યારે તે ૫ ફૂટ ઉંચો હતો. હવે, ૬ ફૂટ ઉંચો થઇ ગયો છે. આ રીતના તુલનાત્મક જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવાય છે.

**[iii] તર્ક :-**

સાધ્ય અને સાધનની વ્યાપ્તિના જ્ઞાનને તર્કજ્ઞાન કહે છે. જેમ કે, જ્યાં જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે અથવા જ્યાં જ્યાં જ્ઞાન હોય છે ત્યાં ત્યાં આત્મા હોય છે.

**[iv] અનુમાન :-**

સાધનથી સાધ્યનું જ્ઞાન કરવું અનુમાનજ્ઞાન કહેવાય છે. જેમકે - ધુમાડાને જોઇને અગ્નિનું જ્ઞાન કરવું કે પ્રકાશને જોઇને સૂર્યનું જ્ઞાન કરવું ઇત્યાદિ. અનુમાનજ્ઞાન પણ માત્ર અંદાજ નથી કે હોઇ પણ શકે કે ન પણ હોઇ શકે. પરંતુ આ પણ પ્રામાણિક જ્ઞાન જ છે.

**[v] આગમજ્ઞાન :-**

સર્વજ્ઞ પ્રણીત આગમશાસ્ત્રોના આધારે પદાર્થોનું જ્ઞાન કરવું આગમજ્ઞાન કહેવાય છે. સર્વજ્ઞ પ્રણીત આગમ ગ્રંથોને પૂર્ણરૂપથી પ્રામાણિક માનીને આ જ્ઞાન કરાય છે. આમાં કોઇક સ્થૂલ પદાર્થોનું જ્ઞાન ઇન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણિત હોય છે. કોઇક સૂક્ષ્મ પદાર્થોનું જ્ઞાન અનુમાન અને શ્રદ્ધાના આધારે કરવામાં આવે છે. જો કે આગમજ્ઞાન સિદ્ધાંતથી પરોક્ષ છે તથાપિ શ્રદ્ધા અપેક્ષાએ આ જ્ઞાન પૂર્ણ તથા પ્રત્યક્ષ છે. કારણ કે આ જ્ઞાન કેવળી કે જેઓ લોકાલોકના પ્રત્યક્ષ જ્ઞાની છે તેમની શ્રદ્ધાથી થાય છે. શ્રી અરિહંત કેવળજ્ઞાની પરમાત્માએ જીવ આદિ તત્ત્વોને જેવા પ્રત્યક્ષ તથા પરિપૂર્ણ દેખ્યા તથા જાણ્યા છે તેવા જ પોતાના ઉપદેશમાં નિષ્કામ વીતરાગભાવથી જગતના ભવ્ય જીવોને ઉપદેશ્યા છે, જે દ્વાદશાંગીના અંશરૂપમાં આગમના સ્વરૂપમાં આજ આપણી સામે પરંપરાથી આવેલ છે. તેથી કેવળી પ્રણીત હોવાથી આપણા માટે પરોક્ષ હોવા છતાં પણ પ્રત્યક્ષવત્ જ છે. આપણી તર્કબુદ્ધિ, ઇન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન આદિ તો કદાચિત્ અન્યથા થઇ શકે છે. પરંતુ, આગમજ્ઞાન કદાપિ અન્યથા થઇ શકતું નથી કારણ કે તે કેવળી દ્વારા પ્રત્યક્ષ દર્શનથી પ્રરૂપિત થયું છે. તેથી આગમજ્ઞાન સદા-સર્વદા પરમ વિશ્વસનીય માનવું જોઇએ.

કોઇ પ્રશ્ન કરે કે આગમશાસ્ત્ર કોને માનવા ? કારણ કે સર્વ મત-દર્શનોના પ્રણેતા પોતાના શાસ્ત્રોને દેવ પ્રણીત તથા આગમ નામ જ આપે છે તો સાચા આગમ-શાસ્ત્ર કોના સ્વીકારવા ? તેનું સમાધાન ઘણું સહેલુ છે. "જે-જે શાસ્ત્રોના પ્રરૂપણમાં તથા કેન્દ્રીય ઉપદેશમાં વીતરાગતા તથા અહિંસા હોય તે શાસ્ત્રને આગમ-શાસ્ત્ર માનવાં તથા જ્યાં રાગ, સંસાર, શરીર, ભોગ અને હિંસાદિનું પોષણ હોય છે તેને આગમ-શાસ્ત્ર માનવા જોઇએ નહીં, કારણ કે સર્વજ્ઞદેવના કથનનો મૂળ અભિપ્રાય જીવોનું આત્મિક કલ્યાણ છે. **"વીતરાગતા તથા અહિંસા જ કલ્યાણના યથોચિત માર્ગ છે."** તેથી સર્વજ્ઞદેવ પ્રણીત આગમમાં સર્વત્ર તેમના જ પોષણનું કથન આવશે. તેથી સાચા આગમ ગ્રંથોનો નિર્ણય વીતરાગતા તથા અહિંસા આ બે આધારોથી જ કરવો યોગ્ય છે એવો વીતરાગી, દયાળુ સંતોનો અભિમત છે. વર્તમાન સમયમાં આપણા આ ભરતક્ષેત્રમાં સર્વજ્ઞદેવનો અભાવ તથા તથારૂપ વીતરાગી સંતો વીરલપણે (અતિઅલ્પ) હોવાથી ઉપરોક્ત આગમગ્રંથ જ સાધના માટે પ્રધાન અવલંબન છે. તેથી અત્યંત શ્રદ્ધાભાવથી આગમના અભ્યાસમાં લાગ્યા રહેવું જોઇએ. આ જ આ કાળમાં સુગમ તથા સરળમાર્ગ પ્રતીત થાય છે.

**-: મતિજ્ઞાનના કુલ ભેદ :-**

પ્રકારાન્તરથી મતિજ્ઞાનના કુલ ૩૩૬ ભેદ બતાવ્યા છે. અવગ્રહાદિ ચાર ભેદથી મતિજ્ઞાન ૧૨ પ્રકારે વિષયોમાં પ્રવર્તે છે.

(૧) **બહુ :-** ઘણા બધા પદાર્થોનું જ્ઞાન કરવું. દા.ત. ઘણા બધા વૃક્ષ આદિ.

(૨) **બહુવિધ :-** ઘણા પ્રકારના પદાર્થોને જાણવા. દા.ત. હાથી, ઘોડા, વૃક્ષ આદિ

(૩) **એક :-** એક પદાર્થને જાણવો. દા.ત. એક આંગળી

(૪) **એકવિધ :-** એક જાતિના અનેક પદાર્થને જાણવા. દા.ત. પાંચ આંગળીઓ.

(૫) **ક્ષિપ્ર :-** જલ્દીથી પદાર્થને જાણવો. દા.ત. વાંચીને જલ્દી જાણી લેવું.

(૬) **અક્ષિપ્ર :-** ધીરે ધીરે પદાર્થને જાણવો. દા.ત. વાંચીને ધીમે ધીમે જાણવું

(૭) **નિઃસૃત :-** બહાર નીકળેલા અર્થાત્ પ્રગટ પદાર્થને જાણવો. દા.ત. ઘરમાં ફરતી બિલાડીનું જ્ઞાન થવું.

(૮) **અનિઃસૃત :-** પ્રગટ થયેલા એક અંશ દ્વારા સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન કરવું.

દા.ત. બિલાડીની પૂંછડી જોઇને બિલાડીનું જ્ઞાન કરવું.

(૯) **ઉક્ત :-** ઇન્દ્રિય તથા મનના નિયત વિષયોને જ જાણવા ઉક્ત જ્ઞાન છે.

દા.ત. આંખ દ્વારા રંગોનું જ્ઞાન.

(૧૦) **અનુક્ત :-** પોતાના નિયત વિષયની સાથે સાથે ઇન્દ્રિય તથા મન દ્વારા અન્ય વિષયને પણ ગ્રહણ કરવા. દા.ત. જો કે અગ્નિ સ્પર્શેન્દ્રિયનો વિષય છે, પરંતુ આંખ દ્વારા પણ અગ્નિનું જ્ઞાન થાય છે.

(૧૧) **ધ્રુવ :-** સ્થિર પદાર્થને જાણવો. દા.ત. બંધ પંખાને જાણવો.

(૧૨) **અધ્રુવ :-** અસ્થિર પદાર્થને જાણવો. દા.ત. ચાલતા પંખાને જાણવો.

અવગ્રહઆદિ ચાર ભેદથી મતિજ્ઞાન આ બાર પ્રકારના પદાર્થોને પાંચ ઇન્દ્રિયો તથા મન દ્વારા જાણે છે. તેથી તેમના નિમ્ન અંકિત ૩૩૬ ભેદ ગણાવાય છે :-

| | **જ્ઞાન** | **જ્ઞેય** (બહુ-બહુ વિધ આદિ) | | **માધ્યમ** (ઇન્દ્રિય+મન) | | |
|---|---|---|---|---|---|---|
| [૧] | અવગ્રહ | | | | | |
| | **(i)** અર્થાવગ્રહ | ૧૨ | X | ૬ | = | ૭૨ |
| | **(ii)** વ્યંજનાવગ્રહ | ૧૨ | X | ૪ | = | ૪૮ |
| [૨] | ઇહા | ૧૨ | X | ૬ | = | ૭૨ |
| [૩] | અવાય | ૧૨ | X | ૬ | = | ૭૨ |
| [૪] | ધારણા | ૧૨ | X | ૬ | = | ૭૨ |
| | | | | **કુલ** | | ૩૩૬ |

આ રીતે મતિજ્ઞાનના કુલ-૩૩૬ ભેદ હોય છે. વિશેષ એટલું કે અવગ્રહના બે ભેદ છે.

**(અનુસંધાન પાના નં. ૨૫ પર...)**

# સુખ શક્તિ - ૫

**વલભજી હીરજી 'કેવલ'**

અસંખ્ય પ્રદેશી આત્મામાં સુખ નામની એક શક્તિ છે. અનાકુળતા તેનું લક્ષણ છે. આકુળતા તે દુઃખ છે, તેના અભાવરૂપ નિરાકુળ શાંતિ તે સુખ છે. આવા નિજ સુખને પરમાં શોધે તો આકુળતા ને દુઃખ થાય એટલે સંસારભ્રમણ થાય. હે જીવ ! સુખ અંતરમાં છે તે બહારમાં શોધ્યે મળે તેમ નથી. વિકલ્પમાં સુખને શોધનારો અર્થાત્ રાગને સુખનું સાધન માનનારો પરમાર્થે બાહ્ય વિષયમાં જ સુખ માને છે. પોતાના સુખ સ્વભાવને તે જાણતો નથી. જીવ ભ્રાંતિથી અનંતા પરદ્રવ્યોમાં - ખાવામાં, શરીરમાં, સ્ત્રીમાં, હોદ્દામાં, લક્ષ્મી વગેરેમાં સુખ માને છે, પણ પોતામાં સુખનો સમુદ્ર ભર્યો છે તે તેને ભાસતો નથી. તારું સુખ તો તારામાં છે ને તે સુખનું સાધન પણ તારામાં છે. તારી સુખશક્તિ એ જ તારા સુખનું સાધન છે. બહારનું કોઈ સાધન નથી. પોતાના સુખને માટે બાહ્યસામગ્રી શોધવી તે વ્યગ્રતા છે. પરાધીનતા છે. દુઃખ છે.

સુખ તો આત્માનો ગુણ છે. આમ, પોતાના સુખ સ્વભાવને જાણીને તેની સન્મુખ પરિણમતા જે સુખ પ્રગટ્યું તેમાં દુઃખનો અભાવ છે. આવી દુઃખના અભાવરૂપ સુખદશા પ્રગટે ત્યારે આત્માના સુખસ્વભાવને જાણ્યો કહેવાય. સ્વાનુભૂતિમાં જે સુખનું વેદન થયું તે ઉપરથી ધર્મી જીવ જાણે છે કે મારો આખો આત્મા આવા પૂર્ણ સુખસ્વભાવથી ભરેલો છે. શક્તિની પ્રતીત કરે ત્યાં તેનું ફળ પર્યાયમાં - અવસ્થામાં આવ્યા વિના રહે નહિ. સાચું જ્ઞાન હોય ત્યાં સુખ હોય. છતાં લક્ષણ બંનેના જુદાં. જ્ઞાનનું લક્ષણ સ્વ પરને જાણવું તે, સુખનું લક્ષણ અનુકૂળતાને વેદવું તે. સુખથી ભરેલા અંતરસ્વભાવમાં દૃષ્ટિ કરતાં સુખ પ્રગટે છે. જેનો સ્વાદ સિદ્ધપ્રભુના સુખ જેવો છે. આવું સુખશક્તિનું કાર્ય છે. ધ્રુવ આત્મામાં આનંદ ભર્યો છે. તેમાં લક્ષ કરતા તે પર્યાયમાં પ્રગટે છે. સુખનો સાગર આત્મામાં ભર્યો છે તેને બહારના સાધનની કાંઈ જરૂર નથી. સુખ તેને કહેવાય કે જેમાં અંશમાત્ર આકુળતા ન હોય. આત્માનો સુખગુણ શ્રદ્ધા-જ્ઞાન વગેરે સર્વગુણોમાં વ્યાપક છે.

આત્મામાં જે સુખ ભર્યું છે તે પ્રગટ કરવાનો માર્ગ સમ્યગ્દર્શન છે. સુખનો માર્ગ શુભરાગમાં નથી. સુખનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. જે રાગમાં કે પુણ્યમાં સુખનો માર્ગ માને છે તેણે આત્માના સુખ સ્વભાવને જાણ્યો નથી. પુણ્યના ફળરૂપ જે સુખ છે તે ઈન્દ્રિયજન્ય સુખ છે.

સુખશક્તિ પારિણામિક ભાવે ત્રિકાળ છે. તેનું પરિણમન ક્ષણિક ભાવરૂપ છે. આકુળતારૂપ ઉદયભાવનો તેમાં અભાવ છે. આત્મસ્વભાવનો આશ્રય તે જ સુખ છે આ જીવન ક્ષણભંગુર છે માટે તેમાં બીજું બધું ગૌણ કરીને આત્માના હિતનું સાધન કરી લેવા જેવું છે. આત્મામાં જ અસંખ્ય પ્રદેશી ઓટલો આનંદના અનુભવરૂપી રોટલો ને અનંતગુણનો પોટલો છે. આમાં જ તારું સુખ છે. જ્ઞાનમાત્ર આત્મામાં સુખગુણ સ્વાધીન છે. તે સુખની સાથે બીજા અનંતગુણો છે. તેમાં જે સુખગુણ છે. તે અન્યગુણ નથી. સુખના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય સુખરૂપ છે. તે ત્રણેયમાં દુઃખનો અભાવ છે. સુખનું કારણ તો જ્ઞાન છે. સુખ આત્મામાં છે તેનું જ્ઞાન કર તો સુખ પ્રગટે. સમ્યગ્જ્ઞાન વડે આત્માને જાણતાં સુખ થાય છે. સુખની અનુભૂતિમાં અનંતગુણનો રસ વેદાય છે. સુખશક્તિ કારણરૂપ છે. તેને અનુસરીને પર્યાયમાં તેવું સુખ પ્રગટે તે સુખશક્તિનું ખરું કાર્ય છે. અચિંત્ય વસ્તુ સ્વભાવમાંથી સુખના ઝરણા ઝરે છે. સુખ આત્માના સ્વભાવમાં સદાય ભર્યું છે. આત્માના શુદ્ધસ્વભાવને અનુભવમાં લેવો તે જ સર્વ જૈનસિદ્ધાન્તનો સાર છે.

(ક્રમશઃ)

• • •

# સામાયિક વ્રત
## (ક્રમાંક - ૨)

નિરૂપમાબેન ડગલી

**दिवस दिवस लकखं, देइ सुवणस्स खंडियं एगो ।**
**इयरो पुण्ण सामाइयं, न पहुप्यहो तस्स कोइ ॥**
**( संबोध सितरी )**

**અર્થ :** નિત્યપ્રતિ લાખ ખાંડી સોનાનું લાખ વર્ષ પર્યંત કોઈ દાન દે તેનું પુણ્ય તે સામાયિક વ્રતના ફળની બરાબરી કરી શકે નહીં. કારણ કે દાન પુણ્યવૃદ્ધિનું કારણ હોઈ તેનાથી ભવિષ્યમાં સુખસંપદા પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ સામાયિક તો ભવભ્રમણથી છોડાવી મોક્ષના અનંત સુખ આપનારું છે.

આવું બે ઘડીનું સામાયિક વ્રત રાગ-દ્વેષ છોડાવી મધ્યસ્થ બુદ્ધિમાં સ્થિર કરનાર અને પરમ શાંતિ આપનાર છે. ઘણા ભાઈ-બહેનો કહેતાં હોય છે કે અમે દિવસ દરમ્યાન બે-ચાર કલાક વાંચન - ભક્તિ - જાપ કરીએ છીએ પણ સામાયિક વ્રતના પચ્ચક્‌ખાણ લેતાં નથી. તેમનું આ કથન યોગ્ય નથી. આજના વૈજ્ઞાનિક યુગમાં ઈલેક્ટ્રોનિક સાધનોનો વપરાશ ખૂબ વધી ગયો છે, જેણે આપણા મનને વધારે અશાંત બનાવી દીધું છે. દા.ત. આપણે સદ્‌વાંચન કરવા બેઠા અને થોડીવારમાં ફોનની ઘંટડી વાગે અથવા મોબાઈલમાં એસએમએસ, વોટ્સઅપની રીંગ વાગે એટલે આપણું મન ત્યાં દોડે છે. સામાયિકમાં નથી એટલે વિચારીએ છીએ કે ચાલોને ફોનમાં વાત કરી લઉં કે મેસેજ કોનો અને કયા વિષય પર છે તે જરા જોઉં, પછી વાંચન કરીશ. બસ, અનેક વિકલ્પો અને વિકથાઓની વણઝાર ચાલુ થઈ જાય છે; જેને લીધે સત્શાસ્ત્રના વાંચનનો લાભ તો મળતો નથી અને જીવનનો અમૂલ્ય સમય વેડફાતો જાય છે. જ્યારે સામાયિક પચ્ચક્‌ખાણ લીધા હોય તો ગમે તેનો ફોન કે મેસેજ આવે કે ઘરમાં ગમે તેવા નિમિત્તો આવે ત્યારે જીવ સમજે છે કે મારે બે ઘડીનું વ્રત છે, જેથી અત્યારે એ તરફ ચિત્ત લઈ જવું યોગ્ય નથી. વળી, સદ્‌વાંચનમાં રસ પડે ત્યારે એકને બદલે બે, ત્રણ સામાયિક થઈ જાય છે કે જે વધુ લાભકારી નીવડે છે.

દીર્ઘકાળથી આપણે પ્રમાદ જ સેવતાં આવ્યા છીએ. તેથી પ્રમાદ, આળસ, નિદ્રા સાથે આપણને પ્રીતિ થઈ ગઈ છે. તેનું સેવન કરવામાં જીવને મજા આવે છે. વળી, અજ્ઞાનદશાને લીધે દેહાધ્યાસ પણ વધારે હોવાથી સાધનામાં આગળ વધી શકાતું નથી. સદ્‌વાંચન કરવા બેસીએ ત્યારે ૧૫-૨૦ મિનિટ પછી નિદ્રા આવે અગર તો આજે મારું માથું દુઃખે છે, કમર, પગ દુઃખે છે, શરદી થઈ ગઈ છે વગેરે અનેક બહાના જીવને મળી જાય છે. નાની એવી શારીરિક તકલીફમાં સામાયિક કરવાનું મુલતવી રાખી દે છે. સાંસારિક લગ્ન પ્રસંગો, પાર્ટી કે શોપીંગ કરવાના સમયે ગમે તેવી શારીરિક તકલીફ, ઠંડી-ગરમી સહન કરીને પણ જવા તૈયાર થઈ જાય છે; જે જીવની મોહનીય કર્મની પ્રબળતા અને ધર્મ પ્રત્યેનો અનાદર સૂચવે છે. જ્ઞાની પુરુષો કહે છે કે ચાર ગતિના પરિભ્રમણ દરમ્યાન તે એટલા બધા પારાવાર, અનંતા દુઃખો ભોગવ્યા છે કે તેનું વર્ણન આ વાણી દ્વારા થઈ શકતું નથી. હવે આવો ઉત્તમ મનુષ્યભવ, ધર્મનું શ્રવણ, સદ્‌વાંચન કરવાની તક મળી છે તો તેનો સદુપયોગ કરી લે. ભગવાન મહાવીર સ્વામી ગૌતમ ગણધર કે જેઓ ચાર જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી અને તદ્‌ભવ મોક્ષગામી છે તેઓને કહે છે કે **'समयं गोयम मा पमाए'** મળેલા

મનુષ્યજન્મને સફળ કરવા સામાયિક વ્રત ગ્રહણ કરવાથી શું લાભ મળે છે તે હવે દર્શાવે છે :

૧. સાવદ્યયોગના પચ્ચક્ખાણ હોવાથી પાપકારી પ્રવૃત્તિઓનું સેવન કરતાં અટકી જઈએ છીએ.

૨. જીવને અનંતકાળથી અવ્રતની આદત પડી ગઈ છે. ચૌદ રાજલોકમાં જેટલી ચીજો છે તેની ઈચ્છા અને મમત્વવૃદ્ધિ રહ્યા કરે છે. તેનાથી મુક્ત થવા નક્કી કરેલા સમય સુધી તે સર્વ પાપદોષથી છૂટી શકીએ છીએ.

૩. મન-વચન-કાયાના યોગોને સંયમમાં રાખવાનો અભ્યાસ શરૂ થાય છે. ગરમી-ઠંડી-માખી-મચ્છર વગેરે જંતુઓનો ઉપદ્રવ હોવા છતાં સહન કરી લેવાથી સહનશીલતાનો ઉત્તમ ગુણ પ્રાપ્ત થાય છે.

૪. સામાયિક દરમ્યાન તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કષાયનું સેવન થતું નથી; જેથી તીવ્ર-ગાઢ કર્મબંધન પણ થતું નથી.

૫. પાંચ ઈન્દ્રિયના વિષયોનું સેવન થતું ન હોવાથી કર્મનો આસ્રવ બંધ થાય છે.

૬. આર્ત્તધ્યાન - રૌદ્રધ્યાન છોડીને ધર્મધ્યાનમાં સ્થિર થવાનો સુઅવસર પ્રાપ્ત થાય છે.

૭. શ્રાવક માટે પાંચ અણુવ્રત લીધેલા હોય ત્યારે તે પાપોનો સ્થૂળપણે ત્યાગ કરાય છે, જ્યારે બે ઘડીના સામાયિકમાં સર્વથા તે પાપસ્થાનકો સેવવાનો ત્યાગ કરાય છે. તેથી સામાયિક વ્રતના પચ્ચક્ખાણ જરૂરી છે. જેમ કે પહેલા અણુવ્રતમાં સ્થૂળ પ્રાણાતિપાત અર્થાત્ માત્ર ત્રસજીવોને અમુક આગારો સાથે હણવાના પચ્ચક્ખાણ હોય છે, જ્યારે સામાયિકમાં ત્રસ અને સ્થાવર બધા જીવોની હિંસાના ત્યાગના પચ્ચક્ખાણ કરાય છે.

૮. સામાયિક દરમ્યાન ઉદયમાં આવતાં કર્મો ખાસ તેનો પ્રભાવ-અસર કરતાં નથી. કેટલાંક પાપનું પુણ્યમાં સંક્રમણ થઈ જાય છે. ઉચ્ચકોટિનું પુણ્ય બંધાય છે કે જે શાતાવેદનીય, શુભનામ, ઉચ્ચગોત્ર અને શુભ આયુષ્ય આપે છે અને સંસાર છોડવો હોય તો સહેલાઈથી છોડી શકે તેવી અનુકૂળ સામગ્રી મેળવી આપે છે.

આ બધા તો સામાન્ય લાભો સામાયિક કરવાથી મળે છે. વિશિષ્ટ લાભો કયા મળે છે તે આવતા અંકમાં વિચારીશું. **(ક્રમશઃ)**

● ● ●

## સદ્ગુરુશરણ...

**(પાના નં. ૩૬ પરથી ચાલુ...)**

લબ્ધિઓ પ્રગટે. ગુરુવાણી અને ગુરુની અમીદૃષ્ટિ ગમે તેવા પતિત જીવનને પણ પાવન-પવિત્ર બનાવે છે.

જેને સદ્ગુરુની કૃપા ફળે છે તે આ જીવનમાં સઘળા સુખને પામે છે. ભૌતિક સુખ તો મળે છે જ પણ શાશ્વત મોક્ષના સુખ દેનારા પણ ગુરુ છે. આવા ગુરુની સેવા, વૈયાવચ્ચ અને આજ્ઞામાં જ જીવનનું સઘળું કાર્ય આવી જતું હોય છે. ગુરુ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયના દાતાર તો છે જ પરંતુ અરિહંત અને સિદ્ધભગવાનની ઓળખાણ કરાવનારા પણ છે. જે આપણી આંગળી પકડી, આપણું ક્ષેમકુશળ ઈચ્છી, આપણા દુઃખ-દર્દોને દૂર કરવા સાચો માર્ગ બતાવે છે એવા ઉપકારી ગુરુ માટે આ મસ્તક કુરબાન થઈ જાય તોય ઓછું છે. માટે જ કોઈકે કહ્યું છે કે

યહ તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાન,
શીશ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તા જાન...

● ● ●

# પ્યારું પર્વ ગુરુપૂર્ણિમા

**ભાનુબેન ડી. શાહ**

"પ્રજાજનોને પસંદ છે વિવિધ, વિલક્ષણ પર્વ,
આવે પરિવર્તન જીવનમાં, હોંશે ઉજવે, ધરે ગર્વ,
પર્વની બાહુલતામાં અલગ અલગ સંબંધિત છે સર્વ,
થાક ઉતારે થોકબંધ, મળે અગણિત આનંદ ખર્વ નિખર્વ."

કોઈ પણ વ્યક્તિ માટે ગુરુનું સ્થાન અતિ મહત્ત્વનું છે. તેથી જ ભારતીય સંસ્કૃતિ ગુરુને પ્રથમ સ્થાન આપે છે, ગોવિંદને બીજું સ્થાન આપે છે કારણ કે ગોવિંદ પાસે જવા ઈચ્છનાર વ્યક્તિને ગુરુ જ તેની પાસે લઈ જાય છે. ગુરુ જ ગોવિંદ પાસે પહોંચાડનાર તાત્ત્વિક, સાત્ત્વિક, આધ્યામિક, ભાવ અને ભક્તિથી પૂર્ણ વ્યક્તિ છે. ગુરુ સામાન્ય મનુષ્યનું શિક્ષિત, સંસ્કારી, વિવેકયુક્ત વ્યક્તિમાં રૂપાંતર કરે છે.

બાળકનું કોરી પાટી ધરાવતું મન સંખ્યા અને અક્ષરોનું મહત્ત્વ સમજતું થાય અને તેમાં આગળ વધે તે ગુરુના પ્રતાપે છે. ગુરુ વ્યક્તિમાંથી અજ્ઞાનના અંધેરા ઉલેચે છે અને જ્ઞાનનો અજવાસ ફેલાવીને વ્યક્તિના જીવનને પ્રકાશમય બનાવે છે. અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં તન્મય કરીને મનુષ્યને સામાજિક, પારિવારિક પ્રસંગોમાં ભાગ લેતો, રસ લેતો કરે છે.

જ્ઞાનાલયમાંથી મળતો સાથ, સંગાથ, સથવારો, સહકાર સહપાઠીઓનું સાન્નિધ્ય, મિત્રો વ્યક્તિના જીવનને, મનને હર્યુંભર્યું બનાવે છે. ગુરુ શિષ્યને સ્વ આત્મવત્ સમજીને પોતીકાપણાનો, આત્મીયતાનો અનુભવ કરાવે છે, જેથી શિષ્યને તેમનામાં હૂંફ, પ્રેમ, મમતા, મારાપણું લાગે છે.

"ગુરુ નહીં તો જ્ઞાન નહીં" એ ઉક્તિ શિક્ષાર્થીને ગુરુના સહવાસથી, સાન્નિધ્યથી સાર્થક થતી લાગે છે.

બાલમંદિરથી શરૂ કરીને જીવનની જુદી જુદી પરિવર્તિત અવસ્થાઓમાં ગુરુ મુખ્ય ભાગ ભજવે છે અને શીખવનારને સંપૂર્ણ બનાવવા માટે શક્ય તેટલું કરી છૂટે છે.

ઘરના સભ્યો કરતાં પણ શિક્ષણની બાબતમાં બાળક ગુરુમાં વધુ પડતો વિશ્વાસ મૂકે છે. ગુરુનું વિધાન સો ટકા સત્ય લાગે છે. ગુરુ શબ્દ બોલતાં જ ગુરુની ગંભીરતા, ગરિમા, પ્રગલ્ભતા, ગૌરવ, ગુરુતા મનમાં પ્રસન્નપણે ઘુમવા લાગે છે.

ગુરુ વિચાર અને ધ્યાનને મુખ્ય બતાવીને ભવરોગ, અંતરરોગ, મનોરોગ મટાડવાનો અક્સીર ઈલાજ સૂચવે છે. "આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય." એવા આત્મપ્રાપ્ત ગુરુ શિષ્યના જીવનનો બેડો પાર કરે છે. કપરો, કઠિન ભવસાગર તરી જવામાં પણ ગુરુ જ અગ્રિમ સ્થાન ધરાવે છે અને આત્મજ્ઞાન સાધ્ય કરાવવામાં ગુરુ જ યશ મેળવે છે.

ગુરુ શબ્દનું ઉચ્ચારણ માનવીને દૂરના ભૂતકાળમાં ખેંચી જાય છે. સુંદર ભાવિ, ભવ્ય ભૂતકાળનું પરિણામ છે તેવી પ્રતીતિ થાય છે. બાળમંદિરથી ક્રમશઃ કૉલેજના પગથિયાં ચડતો વિદ્યાર્થી સમયે સમયે પરિવર્તિત થતાં ગુરુ પાસેથી ઘણું શીખે છે, જાણે છે, જ્ઞાનસમૃદ્ધ થાય છે. અનુભવનો ખજાનો પણ ઠીક ઠીક ભરાય છે. શિક્ષણ પૂર્ણાહુતિ પછી લગ્નનું, અર્થપ્રાપ્તિનું, ઘરના સભ્યોની જવાબદારીનું બંધન આવી પડે છે. જેમ જેમ દિવસો પસાર થાય એમ સંસારની અસારતા,

વ્યર્થતા સમજાય છે. કોઈને દિલની વાત કે મૂંઝવણ કહેવાય નહીં, સહેવાય નહીં, એમાં રહેવાય નહીં એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

સદ્‌ગુરુ કે જેને ભગવાન જેવા માનવામાં આવે છે તેમને મળવાની ઘડી આવી પહોંચી હોય અથવા તો તેઓના સંગ, સંપર્ક, સાન્નિધ્ય, સમીપતા પ્રાપ્ત થવાના હોય તેમ તેનું મન ગુરુને ખોજવાનું શરૂ કરે છે. જીવનમાં આવતા ફેરફારોમાં સદ્‌ગુરુ-મિલન ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. ત્રસ્ત મનુષ્ય ગુરુ-અભિમુખ થાય છે. અને જીવન અંતિમ આધ્યાત્મિક તબક્કા તરફ આગળ વધે છે.

સદ્‌ગુરુ પહેલા તો સંસારીની મુશ્કેલીઓ સમજે છે, જાણે છે અને તેને સાથ, સંગાથ, સહકાર, સધિયારો, સાંત્વના આપે છે. મુશ્કેલીઓના નિરાકરણની હૈયાધારણા આપે છે. શિષ્યને સદ્‌ગુરુના શબ્દોમાં અતિ વિશ્વાસ આવે છે. જિંદગી હામ, હિંમત, ધીરજ, ધરપત સાથે કેમ જીવવી તેનું જ્ઞાન આપે છે. ગુરુનો સતત સહવાસ શિષ્યને અનુપમ શાંતિ અને સમતા આપે છે.

ઈશ્વરનો અવતાર ધારણ કરીને પૃથ્વી પર પધાર્યા હોય એવા ગુરુ લાગે છે. શિષ્યના દોષો કાઢીને સદ્‌ગુણો ભરવાનું કામ ગુરુ કરે છે. મન કષાય, વિષયરાગથી ચોખ્ખું કરાવે છે. પ્રભુમાં શ્રદ્ધા વધે એવું ભક્તિમય વાતાવરણ ઊભું થાય છે. સત્સંગનું મહત્ત્વ અને ગુરુની સમગ્ર ચેષ્ટાઓનું અવલોકન કરવાનું કહે છે.

ગુરુજી ખુલ્લી આંખે પણ ભીતરમાં ડોકિયું કરી શકે છે. તેમની મુદ્રા શાંતિ, સમતાથી પૂર્ણ સ્થિર ભાસે છે. આંખોમાંથી અમીવર્ષા થતી હોય એવી પ્રશમરસથી ભરપૂર છે. અમૃત જેવી, આત્માને સમજાવતી વાણી ચિત્તને ઠારે છે, ઠંડક આપે છે, શીતળતા બક્ષે છે. આત્માને ઓળખવા પ્રબળ પુરુષાર્થ શિષ્ય પાસે કરાવે છે. આવા ગુરુદેવનું પવિત્ર દર્શન મુક્તિના પંથ તરફ દોરી જતું લાગે છે. આત્મ-સ્વાયત્તતા તરફ પહોંચવાનો રસ્તો ટૂંકો થતો જાય છે.

પ્રભુપંથ પ્રતિ ચલાવનાર ગુરુ આપણા સાચા ભોમિયા છે. ઉમાશંકર જોષીએ કહ્યું છે કે "ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી." પણ પ્રભુપ્રાપ્તિની વિકટ દુર્ગમ રાહ પર ગુરુને રાહબર બનાવવા પડે છે. પિતા જેવા ગુરુની પાછળ કે સાથે ચાલવું પડે છે તો જ નિશ્ચિત મુકામે પહોંચાય છે. નહિતર રખડી પડીએ, સમય અને શક્તિ બરબાદ થઈ જાય.

"ગુરુ તમે છો માર્ગદર્શક, પથપ્રદર્શક, સાચા રાહબર,
સત્ય દિશામાં દોરી જનાર છો, પ્રેમે અંગુલિ ગ્રહનાર;
સદ્‌ભાગ્ય મારા કે મને મળ્યા તમે, પ્રેરણાપીયૂષ પાનાર,
આભાર ઈશ્વરનો મિલન કરાવ્યું, તમે છો જ્ઞાન-દાતાર."

ગુરુજી નિરક્ષર, અભણ, અજ્ઞાની, દરિદ્ર તિરસ્કૃત બાળકોને પણ પ્રેમથી ભણાવે છે. સૌને સમાન શિક્ષણ આપે છે. તેમાં કોઈ રાંકના રતન જેવું હોય તો તેના માટે શક્ય તેટલી વધુ મદદ કરીને આગળ વધારે છે. કોઈ પણ ભેદભાવ ગુરુમાં હોતા જ નથી.

"ગુરુજી તમે છો પતિત ઉદ્ધારક, પુણ્યવંતા બનાવનાર,
હડધૂત, અભણ બાળકને માન, સન્માન, આદર અપાવનાર;
ખામીઓ દૂર કરી, બાળકની ખૂબીઓ ખૂબ વધારનાર,
અન્યને સહાય કરતા શીખવી, પરોપકાર પ્રેમથી કરાવનાર."

ગુરુ આ પૃથ્વી પર પરોપકાર કરવા માટે જ જન્મ્યા છે. શિષ્યને ધર્મબોધ, ઉપદેશ આપીને તેના ભીતરમાં પ્રકાશ ફેલાવે છે. અજ્ઞાનના તમસ હટાવે છે. મહાન સત્‌પુરુષોના ચરિત્રો સમજાવીને પ્રભુપદ

પ્રાપ્ત કરવા માટેની તરકીબો શીખવે છે. શું અપનાવવું, શું ત્યજવું તેની વિગતો સમજાવે છે. ધર્મના સિદ્ધાંતો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, રત્નત્રયપ્રાપ્તિ, મહાવીરના અનેકાંતવાદની સમજ આપે છે. જીવનમાં ઉતારવાનો ઉપદેશ આપે છે. શિષ્યના સુંદર ઘાટ-પથ્થરમાંથી પ્રભુમૂર્તિ જેવો ઘડે છે. સાધનાની અગત્ય સમજાવે છે. પ્રભુપ્રાપ્તિની લગન લગાડે છે. સત્શાસ્ત્રોના વાચનના વ્યસની, રસિયા બનાવે છે. જીવને શિવ, નરને નારાયણ, પામરને પરમાત્મા, મદઘેલાને મહાત્મા બનાવવા અથાગ શ્રમ કરે છે. શિષ્યને સર્વતોમુખી બનાવીને સોના જેવો મૂલ્યવાન, તેજસ્વી બનાવે છે.

"ગુરુ છે સાકાર કિરતાર, તેની નિત્ય સેવા કરીએ,
પારસમણિ સમ ગુરુજી, સુવર્ણ સંસ્કારો લહીએ,
એવા પ્રભુ સમ ગુરુજીની, ચાલો ભક્તિ કરીએ,
ગુણિયલ ગુરુદેવના ચરણે, ચાલો વંદન કરીએ.

હે ગુરુજી, શિષ્યો માટે તમે ભગવાન છો, સાકાર સ્વામી છો, તમારી નિત્ય સેવા કરીએ અને તમ સમીપ રહીએ. પારસમણિ જેવા ગુરુજીના સુવર્ણ સમ સંસ્કારો અમ અંતરમાં લહીએ, તમારી નિત્ય ભક્તિ કરીએ, તમે ગુણધારક છો. તમારે ચરણે અમારા વંદન છે.

ગુરુ સંયમી ત્યાગી, વીતરાગી છે. જળ-કમળવત્ સૌ વચ્ચે રહીને 'વસુધૈવ કુટુંબકમ્'નો આદર્શ અપનાવીને સૌને સમદૃષ્ટિથી નિહાળે છે. શિષ્યના તમામ સંદેહ, વહેમ, શંકાનું નિરાકરણ કરે છે. શિષ્ય તમામ વિષયોમાં સંપૂર્ણ થાય તેવું ઝંખે છે. ભૂતકાળમાં ભારતમાં બની ગયેલા ઉદાહરણો - રામકૃષ્ણ પરમહંસ-સ્વામી વિવેકાનંદ, ધૌમ્ય ઋષિ-આરુણિ, સાંદિપનિ ઋષિના કૃષ્ણ સુદામા, ગુરુ દ્રોણ-એકલવ્ય વગેરેની વિગતો કહીને શિષ્યને ઉત્તમોત્તમ બનવાની શીખ આપે છે.

શિષ્યને માટે ગુરુજી સર્વસ્વ છે. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તે ગુરુનું વિસ્મરણ કરતો નથી. ગુરુજી માતા,પિતા, સખા, બંધુ, દેવતા છે. ગુરુના સાન્નિધ્યમાં તેને સમગ્ર પ્યારા સંબંધો મળી રહે છે તેથી તેને આશ્રમનિવાસ ઘર જેવો લાગે છે.

પોતાના શિષ્ય માટે ગુરુ કર્મનાશક છે, ધર્મધારક છે, વિપત્તિ વિદારક છે, મુશ્કેલી-મોચક, કૃપાનિધાન, કરુણાસાગર છે. કુંભકર્ણ જેવી મોહનિદ્રામાં સૂતેલા શિષ્યને જગાડનાર છે. દેહની અનિત્યતા સમજાવીને અપરિગ્રહી બનાવનાર છે. ગુરુ જીવનનૈયાના સુકાની છે, જે શિષ્યને કર્મશૂન્ય કરીને અશરીરી બનાવવા મથે છે. શિલ્પીની જેમ શિષ્યનું યથાયોગ્ય ઘડતર કરે છે. તેવા ગુરુ માટે ખૂબ ગૌરવ ધરવાનું છે.

મહાપુરુષોએ પણ ગુરુને ધારણ કરેલા. મહાત્મા ગાંધીજી શ્રીમદ્જી પાસેથી જ સત્ય-અહિંસાના પાઠ શીખેલા, એના કારણે ક્રૂરને ઘાતકી અંગ્રેજોને અહિંસક શસ્ત્રોથી, પરાજિત કરીને ભારતમાંથી અલવિદા કરેલા.

ગૌતમ ગણધરે મહાવીરના શિષ્ય બનીને અહંકારનો અંચળો ફેંકી દીધેલો. નારદજીની સમજાવટથી વાલિયો વાલ્મિકી ઋષિ બની શક્યો.

કહેવાનું એ છે કે માછલી જળ વગર, ફણિધર મણિવગર, બાળક-માતા વગર અધૂરાં છે તેમ શિષ્યો પણ પ્રભુ સમ ગુરુ વગર અધૂરાં છે.

"ગુરુરાજ પ્રભુ તમ વિશ્વાસે, મારી ચાલે જીવનનાવ,
હો કરુણાના કરનાર, મારા જીવનના આધાર;
સ્નેહસાગર, તવ અંતરમાં, મારું રહો અવિચળ સ્થાન."

પરમ પવિત્ર, પાવન ગુરુજી સૌના જીવનને ઉજ્જવળ કરે એવી અપેક્ષા.

• • •

# સદ્‌ગુરુશરણ, વરસે કૃપાઝરણ

પારૂલબેન બી. ગાંધી

સદ્‌ગુરુ એ તો અપૂર્વ અને અજોડ રહેલા છે. આત્માને પરમ તત્ત્વનો સ્પર્શ કરાવે, આસ્વાદ કરાવે, સંકલ્પ-વિકલ્પોથી મુક્તિ અપાવી ચોક્કસ ધ્યેય પર, નિશ્ચિત લક્ષ પર ધ્યાન કેન્દ્રિત કરાવે તે સદ્‌ગુરુ. ઘણા બધા સંતોના પરિચયમાં આવ્યા પછી, તેમની વાણી સાંભળ્યા પછી, તેમની સાથે સત્સંગ કર્યા પછી મન અને આત્મા જેમના સાન્નિધ્યમમાં, જેમની જ્ઞાનવાણીથી, જેમની સાથે સત્સંગ કર્યા પછી અંતરમાં આપમેળે આરાધનાની આહલેક જાગે, ભવ્યતાની અનુભૂતિ જાગે, આત્મજ્ઞાનના સાક્ષાત્કારની નજીક પહોંચ્યા એવું લાગે તો માનવું કે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ ગઈ છે.

સદ્‌ગુરુદેવ શબ્દ બોલતા જ અંતર આનંદથી ઊભરાય છે. હૃદયમાં અનન્ય અહોભાવ છલકાય છે અને આત્મા આભારથી મલકાય છે. સંસારરૂપી દાવાનળમાં ચિત્તને શાંતિ આપનાર સદ્‌ગુરુ છે. દંભી દુનિયાથી જેનું અંતર ખળભળી ગયું છે તેનો સહારો ગુરુ છે. ગુરુ જ દુઃખિયાના બેલી, હમદર્દ અને હમસફર છે. અભયદાન જેના જીવનનું આભૂષણ હોય અને ભગવાનની આજ્ઞા જ જેમના માટે સર્વસ્વ છે એ જ સાચા ગુરુ.

આવા સદ્‌ગુરુની શોધ કરવા કદાચ ગમે એટલું રખડવું પડે, ભટકવું પડે તેમાં પાછી પાની ન કરવી, પરંતુ એકવાર સદ્‌ગુરુ મળ્યા પછી તેમના પ્રત્યે શંકા ક્યારેય ન કરવી. સદ્‌ગુરુ મળ્યા પછી સંપૂર્ણ અહોભાવથી, અહમ્‌નો ત્યાગ કરીને, મમત્વનો ત્યાગ કરીને, માયા-કપટનો ત્યાગ કરીને, કષાયોનો ત્યાગ કરીને સંપૂર્ણ રીતે બિનશરતી શરણાગતિ સ્વીકારી લેવી જોઈએ. એકવાર આવી શરણાગતિ સ્વીકારી લીધી તો આત્મા આ ભવવૈતરણીમાંથી તરીને બહાર પહોંચી જ ગયો સમજો.

આવી શરણાગતિ જો એકવાર આવી ગઈ તો આત્મા અષ્ટકર્મની ચુંગાલમાંથી મુક્ત બની શાશ્વતા સુખનો આનંદ માણી શકે. તેમના માટે અહોભાવ કેળવવો. જેમ કે મારા સંસારનો મૂળમાંથી ઉચ્છેદ કરનારા ગુરુદેવ છે. મારો મોક્ષ ગુરુદેવના હાથમાં છે. ગુરુદેવના હૈયામાં એકાંતે મારું કલ્યાણ છે. એવી લાગણીને ૨૪ કલાક કાયમ ટકાવવી. ગુરુદેવની કઠોરતા એ કરુણાનો પર્યાયવાચી શબ્દ છે. ગુરુની કડકાઈમાં કૃપાના દર્શન કરતાં આવડે તો ગુરુ પ્રત્યે અહોભાવ જીવંત બને, ચેતનવંતો બને. આવું થાય તો જ પરમગુરુ મળે. ગુરુની તમામ ઈચ્છાને સર્વદા જીવનમાં ઉતારવા સર્વત્ર પ્રસન્નતાપૂર્વક કટિબદ્ધ બને તે ઉપાસનાની ઉત્તમ ભૂમિકા છે. ગુરુ પ્રત્યે બહુમાનભાવ, વિનય, ભક્તિ, સમર્પણભાવ રાખવાં, ગુરુદેવ પાસે સરળ હૃદયે હૈયું ખોલવું, ગુરુની નજરમાં રહેવું, ગુરુના દિલમાં રહેવું તે જ તેમની ખરી ઉપાસના છે.

આ ઉપાસના નિષ્ક્રિય જણાતી હોવા છતાં અત્યંત સક્રિય છે. મોક્ષમાર્ગે ઝડપથી આગળ વધારનાર છે. ગુરુની આરાધના કરતાં પણ ઉપાસના બળવાન છે. આરાધનામાં કાયાની ચોક્સાઈ, નિયમિતતા, બુદ્ધિની સૂક્ષ્મતા, એકાગ્રતા ઉપયોગી છે; જ્યારે ઉપાસનામાં હૃદયની સ્વચ્છતા, સ્વસ્થતા, સરળતા, કૃતજ્ઞતા, નમ્રતા વગેરે અપેક્ષિત છે. આરાધનાની કચાશ ઉપાસના દ્વારા પૂરી શકાય

છે. ઉપાસનાની કચાશ આરાધનાથી પૂરી શકાય નહિ. આરાધનાની કચાશમાં સત્ત્વની ખામી કારણરૂપ હોય છે, જ્યારે ઉપાસનાની કચાશ તો શ્રદ્ધાની ખામીને લીધે જ ઉદ્ભવે છે.

આથી સદ્ગુરુ મળે એટલે અહોભાવથી તેમની ઉપાસના કરવી જોઈએ. જો એકવાર પણ સુંદર રીતે ઉપાસના શરૂ થઈ જાય તો પછી ગુરુકૃપાના ઝરણાઓ વહેવા લાગે છે, જે આત્માને પરમાત્મા બનાવ્યા વગર રહેતા નથી. ગુરુની કૃપાથી જ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગમાં આગળ વધી શકાય છે. જ્ઞાનયોગ એટલે શુદ્ધ પરમાત્મતત્ત્વનું જાણપણું તેમ જ તેને સમજવા માટેની તત્ત્વવિચારણા. કર્મયોગ એટલે મનુષ્યના જીવનને નિયંત્રિત સત્કર્મોમાં વાળવાનું માર્ગદર્શન, હેય-જ્ઞેય-ઉપાદેયનું જ્ઞાન, માનવભવ મળ્યો છે તેની કિંમત સમજી તેનો યોગ્ય ઉપયોગ અને સ્વ- પર હિત સાધી શકે તેવી આસક્તિરહિત ક્રિયાશીલતાનો સમાવેશ થાય છે. ભક્તિયોગમાં જાતને પરમતત્ત્વમાં એકાકાર બનાવવાની, આત્મા-પરમાત્માનું તાદાત્મ્ય સાધવાની, જાતને સંપૂર્ણ રીતે ગુરુ પ્રત્યે સમર્પિત કરી ઓગાળી નાખવાની વાત છે. આ આત્માની ઉત્કૃષ્ટ અવસ્થા છે. આ બધું ગુરુકૃપાથી જ શક્ય બની શકે છે.

સદ્ગુરુની કૃપા જો જીવનમાં ઊતરે તો જીવનની ક્ષણે ક્ષણ જીવંત બની જાય છે, પળે-પળ પુલકિત બની જાય છે, જિંદગી જ્યોતિર્મય બની જાય છે. આવી ગુરુકૃપા જ અનાદિકાળના મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરી, સમ્યક્ જ્ઞાનરૂપી આંખ દ્વારા પ્રગતિની વાટે પ્રયાણ કરાવે છે. સદ્ગુરુના સત્સંગ અને કૃપાથી જ સંસાર પ્રત્યેની આસક્તિ ઘટવા લાગે છે તથા ભગવાન પ્રત્યેની ભક્તિ, અહોભાવ, સમર્પણ વધવા લાગે છે.

આથી જ જ્યાં સુધી સદ્ગુરુની કૃપા જીવનમાં ઉતરતી નથી ત્યાં સુધી સાચો ધર્મ થતો નથી. કદાચ ધર્મ કરતા હોય તો પણ તે વ્યવહાર હોય છે, યાંત્રિક હોય છે. આત્મથી થતો નથી. એવો ધર્મ જીવને દિશાસૂચન ન કરી શકે, આત્માને પરમાત્મા ન બનાવી શકે. સદ્ગુરુ મળે તો જ સાચો ધર્મ થાય છે અને જીવનની દિશા બદલાય છે. બાકી જો કુગુરુ મળ્યા તો જીવન બરબાદ થઈ જાય છે. આથી જ સદ્ગુરુને જ્ઞાનના સૂર્ય, પ્રેમના મહાસાગર અને શાંતિના હિમાલય સમાન કહ્યા છે.

આવા સદ્ગુરુ મળ્યા પછી જ જીવનને સાચો માર્ગ, ધ્યેય અને દિશા મળે છે. આવા ગુરુની ઉપાસનામાં ક્યારેય ખામી ન રહે તે ખૂબ જ જરૂરી છે કારણ ઉગ્ર આરાધના કરવા છતાં ઉપાસનાની ખામીને કારણે અનેક જીવો અનંતો સંસાર વધારી ગયા, જ્યારે ઉગ્ર આરાધનાના અભાવમાં પણ નિર્મળ ઉપાસનાના ઉત્કર્ષથી મૃગાવતીજી, પુષ્પચૂલા સાધ્વીજી, ચંડરુદ્રાચાર્યના શિષ્ય, માસતુષ મુનિ વગેરે ઝડપથી ભવસાગર તરી ગયા.

જેના જીવનમાં તેમનો પ્રવેશ થઈ ગયો એને સાચો રાહ મળી ગયો. જ્યારે સદ્ગુરુ મળ્યા પછી પણ જો તેમની આશાતના કરી, તેમને બિલકુલ મહત્ત્વ ન આપ્યું તો આત્મા અનંતો સંસાર વધારી દે છે.

ગુરુકૃપા જેના પર વરસતી હોય તેવા જીવના અનાદેય-અપયશ કર્મનો નાશ થાય છે, કેવળજ્ઞાનની નજીક પહોંચી શકે છે. ભવાંતરમાં સદ્ગુરુની પ્રાપ્તિની અંતરાય તૂટે છે, દેવો પણ સહાયરૂપ બને છે, લોકપ્રિયતા મળે છે અને વધે છે. શાસનની સુંદર રીતે પ્રભાવના કરી શકે છે. જ્ઞાનાવરણીય અને મોહનીયનો ક્ષયોપશમ થાય,

**(અનુસંધાન પાના નં. ૩૧ પર...)**

# જીવનઅર્ક : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૨**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.

આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** દ્વારા છેલ્લા ૩૪ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.

વિ. સં. ૨૦૭૨ની દિવાળી પુસ્તિકા **'જીવનઅર્ક'** (૪૦ પાના) તૈયાર થઈ રહી છે, જે લગભગ પર્યુષણ પર્વ દરમિયાન પ્રકાશિત થશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-

(૧) કવર સાથે **'જીવનઅર્ક'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૩૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૬૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

## દિવાળી પુસ્તિકા માટેનું ઑર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ______________**

**નામ છાપવાનું છે ? ______________ હા ______________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ–મેલ એડ્રેસ : ______________**

**ફોન નંબર : ______________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

### સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી, ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી (રૂપમ ડ્રાયફ્રુટ્સ)**
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
મો. ૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)

ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯

મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭,

૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**

ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦

મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**

ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮

મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**

૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,

કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.

મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**

ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦

મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ**

ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪

મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**

૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'

પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,

રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦

મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)

ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩

મો. ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**

વર્ધમાન મૂળજી એન્ડ સન્સ

ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮

મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**

C/o. ભારત ઉદ્યોગ હાટ

ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,

(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde
   Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah
   Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji
   Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## શ્રી ગુરુપૂર્ણિમા શિબિરમાં પધારવા નિમંત્રણ

તા. ૩૦-૭-૨૦૧૫ થી તા. ૨-૮-૨૦૧૫ દરમ્યાન ગુરુપૂર્ણિમા નિમિત્તે સંસ્થા દ્વારા ચતુર્દિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમિયાન આદ.પં.શ્રી ફૂલચંદજી શાસ્ત્રીની પરમકૃપાળુદેવ વિરચિત 'મૂળ મારગ સાંભળો જિનનો રે...' વિષય પર સ્વાધ્યાયશ્રેણી યોજાશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી, બા.બ્ર.આદ.શ્રી સુરેશજીના સ્વાધ્યાય ઉપરાંત પૂજા, ધ્યાનનો અભ્યાસ, ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સ્વ-પર કલ્યાણ અર્થે સૌને પધારવા નિમંત્રણ છે. આપના આગમનની જાણ સંસ્થામાં અગાઉથી કરવા વિનંતી, જેથી આપની સુવિધાઓ અમો સાચવી શકીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **સાધારણ ખાતું :** આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ — રૂ. ૪,૫૦,૦૦૦/-
- **ગુરુકુળ વિભાગ :**
  - ૧. આદ. શ્રી દક્ષેશભાઈ મચ્છર, અમદાવાદ — રૂ. ૨૦,૦૦૦/-
  - ૨. આદ. ડૉ. શૈલેન્દ્રભાઈ ત્રિપાઠી, અમદાવાદ — રૂ. ૧૫,૦૦૦/-
  - ૩. આદ. ડૉ. રાજેશભાઈ એમ. સોનેજી, અમદાવાદ — રૂ. ૧૦,૦૦૦/-
- **ચોપડા/નોટબુક સહાય :** આદ. શ્રી કોશાબેન અંકુરભાઈ પટેલ — રૂ. ૧૦,૦૦૦/-
  હસ્તે : આદ.શ્રી મંજુલાબેન જે શાહ, અમદાવાદ
- **મેડિકલ સેન્ટર :**
  - ૧. આદ. શ્રી હર્ષદરાય ઝવેરચંદ મહેતા, અંધેરી, મુંબઈ — રૂ. ૧૫,૦૦૦/-
    (તેઓશ્રીના સ્વ. માતા-પિતા તથા સ્વ. પુત્રની પુણ્યસ્મૃતિ નિમિત્તે)
  - ૨. આદ. શ્રી કોકિલાબેન દિનેશભાઈ જસવાણી, રાજકોટ — રૂ. ૭,૦૦૦/-

આ ઉપરાંત સાયન, મુંબઈ નિવાસી આદ. શ્રી પરેશભાઈ હિંમતલાલ શેઠ (ઝીપર્સ ઇન્ડિયાવાળા) તરફથી ગરીબ દર્દીઓ માટે ચશ્માની ફ્રેમ અને ગોગલ્સ (નંગ ૫૦૦) દાન સ્વરૂપે મળેલ છે. (હસ્તે : શ્રી જયંતીભાઈ, પૂનાવાળા) જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. ગત વર્ષે પણ તેઓશ્રી તરફથી ચશ્મા દાનરૂપે પ્રાપ્ત થયેલ. મેડિકલ સેન્ટર વિશે જાણકારી મેળવવા સંસ્થાના કાર્યાલયનો અથવા આદ. શ્રી જયંતીભાઈ જોબાલિયા (પૂનાવાળા) મો. ૯૪૨૯૭૭૫૫૫૪ નો સંપર્ક સાધવા વિનંતી.

## 'શ્રી વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળ માટે વિજ્ઞપ્તિ

સંસ્થા સંચાલિત ઉપરોક્ત ગુરુકુળની પ્રવૃત્તિ છેલ્લા ૨૦ વર્ષથી દેવગુરુકૃપાથી સુપેરે ચાલી રહી છે. ગુરુકુળમાં સંત-મહાત્માના ચિત્રપટોનું નવીનીકરણ અને કમ્પ્યુટરોની ખરીદીનું કામ ચાલી રહ્યું છે, જેથી બાળકોના સર્વાંગી વિકાસને ગતિ મળે. આ અંગે યોગદાન આપી જ્ઞાનદાનના આ યજ્ઞમાં સહભાગી થવા વિનંતી છે. કમ્પ્યુટરની કિંમત રૂા. ૨૦,૦૦૦/- (એક કમ્પ્યુટર)

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા થયેલ છાશવિતરણ

આપણી સંસ્થા દ્વારા સૌ મુમુક્ષુઓના સહયોગથી નિઃશુલ્ક છાશવિતરણની સેવા થોડા વર્ષોથી ચાલી રહી છે. આ વર્ષે પણ તા. ૧૨મી એપ્રિલથી ૨૫મી જૂન સુધી કોબા તથા આજુબાજુના છ સેન્ટરોથી છાશવિતરણ કરવામાં આવ્યું હતું, જેનો જરૂરિયાતવાળા વર્ગે ખૂબ સારો લાભ લીધો હતો. આ ઉત્તમ સેવા પાછળ આદરણીય શ્રી રામજીભાઈ ચૌધરી (મંડાલીવાળા)નો મુખ્ય પ્રેમપરિશ્રમ નોંધપાત્ર છે. આ ઉપરાંત શ્રી જોઈતારામભાઈ, શ્રી ભીખાભાઈ, શ્રી મહેન્દ્રસિંહ, શ્રી કરસનકાકા, શ્રી સંતોષભાઈ રાણા વગેરેએ ખૂબ સુંદર સહકાર આપ્યો છે. તે માટે સૌનું ખૂબ ખૂબ અભિવાદન કરીએ છીએ. જેઓનો આર્થિક સહકાર મળ્યો છે તે સૌનો હૃદયથી આભાર માનીએ છીએ.

## સંસ્થા દ્વારા નવા કોબાની હાઈસ્કૂલના કમ્પ્યૂટર વિભાગમાં આર્થિક યોગદાન

નવા કોબાની હાઈસ્કૂલમાં આપણી સંસ્થા દ્વારા કમ્પ્યૂટર વિભાગ માટે રૂ. ૪ લાખ ૧૦ હજારના દાનની અર્પણવિધિ તથા સ્કૂલના ટ્રસ્ટીરૂમમાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી તથા પૂજ્યશ્રીના ચિત્રપટની સ્થાપનાનો પ્રસંગ તા. ૨૫-૬-૧૫ના રોજ સંપન્ન થયો. ઉપરોક્ત પ્રસંગે સ્કૂલના ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને પધારવા આમંત્રણ આપ્યું હતું.

પૂજ્યશ્રી સાથે થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો શાળામાં ગયા હતા. સ્વાગત, પ્રાર્થના પછી સંસ્થા વતી શ્રી શરદભાઈ જસવાણીએ ટ્રસ્ટીશ્રીને ચેક અર્પણ કર્યો હતો. પૂજ્યશ્રીએ બાળકોને શુભાશીર્વાદ આપ્યા હતા તથા શાળાના બાળમંદિર તથા કમ્પ્યૂટર વિભાગની મુલાકાત લીધી હતી. શાળાના ટ્રસ્ટીઓએ પરમકૃપાળુદેવના ચિત્રપટને ચાંલ્લો કરીને વધાવ્યું હતું. શાળાના ટ્રસ્ટી શ્રી દશરથભાઈએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમ શાંત, પવિત્ર વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## યોગ અને ધ્યાન ગુરુકુળના પ્રાંગણમાં

આપણી સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ'માં 'આર્ટ ઑફ લીવીંગ' દ્વારા તા. ૧૮ જૂનથી ૨૧ જૂન - ચતુર્દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત 'આર્ટ ઑફ લીવીંગ' દ્વારા વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો યોજીને લાખો લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આપણી સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહના પુત્રવધૂ શ્રી રોશનીબેન અને શ્રી ટ્વિંકલભાઈએ આ સમગ્ર શિબિરનું નેતૃત્વ  અને સંચાલન કર્યું હતું. ગુરુકુળના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિર અંતર્ગત સૂર્યનમસ્કાર, સુદર્શનક્રિયા, પ્રાણાયામ, ધ્યાન, જીવનવિકાસલક્ષી જ્ઞાનાર્જન વગેરે દ્વારા બાળકોએ જીવનનું ઉત્તમ પાથેય પ્રાપ્ત કર્યું હતું. નિઃસ્વાર્થ ભાવે સેવાઓ આપવા બદલ સંસ્થા દ્વારા આદ.શ્રી રોશનીબેન તથા આદ.શ્રી ટ્વિંકલભાઈનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને તથા મેમેન્ટો અને પુસ્તકો અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ઈડર આશ્રમના અમૃત મહોત્સવ નિમિત્તે ઈડરની ધર્મયાત્રા સંપન્ન

'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ઈડર'ના અમૃત મહોત્સવ (૭૫ વર્ષ)ની ઉજવણીના ભાગરૂપે 'શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ' દ્વારા રાજપરિવારની વિવિધ સંસ્થાઓની ઈડર-ધર્મયાત્રાનું સુંદર આયોજન આ વર્ષ દરમિયાન થઈ રહ્યું છે. તે અંતર્ગત તા. ૨૭/૨૮ જૂનના કોબા-ખંભાત-વડવા-અમદાવાદના મુમુક્ષુઓની સંયુક્ત ધર્મયાત્રાનું આયોજન થયેલ; જેમાં આપણી સંસ્થામાંથી લગભગ ૨૫ જેટલા મુમુક્ષુઓ જોડાયા હતા.

ઈડરમાં પરમકૃપાળુદેવની નિશ્રામાં સૌએ જ્ઞાન-ધ્યાન અને ભક્તિનો સુંદર લાભ લીધો હતો. સ્વાધ્યાયનો લાભ પૂજ્ય શ્રી ગોકુળભાઈ, આદરણીય પ્રા. શ્રી ચંદ્રિકાબેન પંચાલી તથા આદ શ્રી અનુપમભાઈએ આપ્યો હતો. કોબાના ભક્તિવૃંદે ભાવવાહી ભક્તિરસ પીરસ્યો હતો. ૨૮ તારીખે કોબા આશ્રમના બા.બ્ર.શ્રી સુરેશજીએ ધ્યાનનું સત્ર કરાવ્યું હતું. વિવિધ મુમુક્ષુઓએ જિનમંદિરમાં 'શ્રી આત્મસિદ્ધિ હસ્ત લિખિત' પ્રતની વધામણી તેમજ પરમકૃપાળુદેવના જીવન-પ્રસંગોના નવીન ચિત્રપટોની સ્થાપનાનો લાભ લીધો હતો. ભગવાન અને પરમકૃપાળુદેવની વધામણીના પ્રસંગો સૌએ ખૂબ ઉલ્લાસભેર નૃત્યભક્તિ સહિત ઉજવ્યા હતા. પરમકૃપાળુદેવના પવિત્ર સ્પંદનોથી છલકતા આ ધામમાં આવીને સૌના મુખ પર ધન્યતાના ભાવો દેખાતા હતા. આ પ્રસંગે ઈડરની સંસ્થા દ્વારા ઈડર તીર્થક્ષેત્રના ચિત્રપટની પ્રભાવના કુટુંબદીઠ કરવામાં આવી હતી. ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે આપણી સંસ્થા દ્વારા રૂ. ૭૫,૦૦૦ની દાનરાશિ નોંધાવવામાં આવી હતી. ઈડર આશ્રમના ટ્રસ્ટીઓને આવી ધર્મયાત્રાનું આયોજન કરવા બદલ અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.


## નૂતન રાજકુટિરમાં કુંભસ્થાપન અને ભક્તિનો કાર્યક્રમ સંપન્ન

આદરણીય મુમુક્ષુ શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારાણીની રાજકુટિરમાં તા. ૨૧-૬-૨૦૧૫ના રોજ બપોરે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં કુંભસ્થાપન તથા ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ મુમુક્ષુઓએ ભાવપૂર્વક ભક્તિ કરી હતી. આ નિમિત્તે સૌને પ્રભાવના આપવામાં આવી હતી. શ્રી અરવિંદભાઈ કારાણી પરિવારને નવી રાજકુટિરમાં મંગલ પ્રવેશ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

## વૈરાગ્ય સમાચાર


### કાળધર્મ પામ્યા છે

**[૧] રાજકોટ :** ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ, વાણીભૂષણ, ગુજરાત કેસરી **પૂજ્ય ગિરીશમુનિ મ.સા.** તા. ૧-૭-૨૦૧૫ના બુધવારના રોજ ૮૮ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. ૨૫ વર્ષની વયે તેઓએ જિનદીક્ષા ગ્રહણ કરી હતી. તેઓશ્રીનો સંયમપર્યાય ૬૩ વર્ષનો હતો. તેઓ સંયમ સંસ્કૃતિના રખોપા કરનાર સરળ અને તપસ્વી સંત હતા. તેઓ સર્વ સંપ્રદાયમાં પ્રીતિપાત્ર હતા. તેઓશ્રીએ સંયમ પર્યાયમાં ૧ લાખથી પણ વધુ કિ.મી.ની પદયાત્રા કરી લોકોમાં નૈતિક અને ચારિત્રિક મૂલ્યોને પ્રતિષ્ઠિત કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. સમગ્ર કોબા પરિવાર પૂજ્ય મુનિશ્રીને વંદન કરે છે. આગામી ભવમાં તેઓશ્રી મોક્ષપંથની યાત્રા પૂર્ણ કરી નિર્વાણપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] કોબા :** 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્ય તથા આપણી સંસ્થાને સહાયભૂત થતા નવા કોબા ગામના સરપંચશ્રી યોગેશકુમાર નાયીના પિતાશ્રી **ભીખાભાઈ કચરાભાઈ વાળંદ**નું તા. ૨૦-૬-૧૫ના રોજ ૬૩ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે. તેઓશ્રી ટપાલવિભાગમાં સેવાઓ આપતા હતા. નિવૃત્તિ બાદ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાં અનેક પ્રવૃત્તિઓ કરતા હતા. 'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર' – આ સૂત્રને તેઓએ જીવનમાં અપનાવ્યું હતું. તેઓ ગરીબ પરિવારોને મદદ કરતા અને બીજાને મદદરૂપ થવા પ્રેરણા આપતા. તેઓશ્રી પોતાના સંતાનોને સુસંસ્કારોનો વારસો સોંપતા ગયા છે. તેઓ ધાર્મિક વૃત્તિના અને મિલનસાર સ્વભાવના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થા દ્વારા નવા કોબાની હાઈસ્કૂલના કમ્પ્યૂટર વિભાગ માટે ચેકની અર્પણવિધિ તથા ચિત્રપટની સ્થાપના વેળાએ (તા. ૨૫-૬-૨૦૧૫)









## સંસ્થાના ગુરુકુળના પ્રાંગણમાં યોગ અને ધ્યાન

(તા. ૧૮-૬-૨૦૧૫ થી તા. ૨૧-૬-૨૦૧૫)







Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

# સાચા સંતનું સ્વરૂપ

૧. સંત સંત જ છે.
૨. સંત સાદા છે, સંતોષી છે.
૩. સંત સહજ છે, સરળ છે.
૪. સંત સુપ્રતીતવંત છે.
૫. સંત સ્વાનુભૂતિ સહિત છે.
૬. સંત નિ:સ્પૃહી છે.
૭. સંત સમતાના ધારક છે.
૮. સંત સામાન્ય સાધકોને શરણરૂપ છે.
૯. સંતમાં સજ્જનતા સ્વાભાવિક છે.
૧૦. સંતને સર્વાત્મમાં સમદષ્ટિ છે.
૧૧. સંતને સદ્‌બોધમાં સ્થિરતા છે.
૧૨. સંત શાંતસ્વભાવી છે, શાંતિપ્રિય છે.
૧૩. સંત સાચા સાધકોની ચરણરજ છે !!
૧૪. સંત શાંતિ અને સમાધાનના પુરસ્કર્તા છે.
૧૫. સંત સજ્જનોના શિરોમણિ છે.
૧૬. સંત ક્રમશ: સમસ્ત વિશ્વના શિરોમણિ(સિદ્ધ) બની જાય છે.
૧૭. સંતની સંપૂર્ણ અને સાચી ઓળખાણ થવા માટે સાતિશય સત્પુરુષાર્થ જોઈએ.
૧૮. સત્‌માં નિષ્ઠા, સજ્જનસંગતિ, સદ્‌બોધ, સત્શ્રદ્ધા, સદ્‌વિચાર અને સ્થિરતાના અભ્યાસથી સંત થઈ શકાય છે.
૧૯. સંત (અલ્પ સંસારી) સંસારદશાવાળા, સાતિશય-ગુણસંપન્ન, સમાધિના સ્વામી એવા સંતનું સાચું શરણું અમને પ્રાપ્ત થાઓ.

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. શારદાબેન રમણલાલ શાહ (મુંબઈવાળા)ના સ્મરણાર્થે**

હસ્તે : આદ.શ્રી ડૉ. હેમંત રમણલાલ શાહ (યુ.એસ.એ.)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' જુલાઈ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ આદ.શ્રી રસિકલાલ એન. કામાણી અને**

**આદ.શ્રી પ્રજ્ઞાબેન આર. કામાણી** - ઘાટકોપર (પૂર્વ), મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah